આજનો સુવિચાર

માણસને પરિસ્થિતિ કરતા વિચારોનો થાક વધુ લાગે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧૯ જૂનાગઢ તા.૬-૫-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 119, Junagadh : Date : 6 May, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## ભર ઉનાળે અષાઢી માહોલ : ધોરાજી- ઉપલેટા પંથકમાં દે ધનાધન એક કલાકમાં ૪ ઈંચ વરસાદ





રાજકોટ તા. ૬
સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદ ચાલુ રહેતા ખેડૂતો પર આફતના વાદળો છવાયા છે. હાલ ઉનાળુ પાકમાં તલ, મગ, બાજરીના પાકને વ્યાપકનુકસાન પહોંચી રહ્યું છે. ગત મોડી સાંજે પાટણવાવ, કલાણામાં એક જ કલાકમાં અનરાધાર ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે ધોરાજી અને ઉપલેટામાં પણ એક કલાકમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. ધોરાજીના પાટણવાવના ઓસમ ડુંગર પરથી પાણીનો ધસમસતો ધોધ વહેતા નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો. તેમજ નિચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસ્યા હતા. આ સિવાય જેતપુર, જસદણ પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો.

ધોરાજી તાલુકાના કલાણા, છત્રાસા, ચીચોડ, રવની સહિતના ગામોમાં વીજળીના કડાકા ભડાકા અને તોફાની પવન સાથે ધોધમાર ૪ ઈંચ વરસાદ વરસ્યો હતો. જેના પગલે ગ્રામ્ય વિસ્તારમાં ખાલી પડેલા તમામ ચેકડેમો ઓવરફ્લો થઈ ગયો છે.

આ ગામોના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જ્યારે પાટણવાવમા ધોધમાર ૪ ઈંચ વરસાદ વરસતા સર્વત્ર વિસ્તાર પાણી પાણી થઈ ગયો હતો. જેના કારણે ઓસમ ડુંગર પરથી પાણીનો ધોધ વહ્યો હતો. ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાયો છે.

## ભાલા ફેંકની ડાયમંડ લીગ મેચમાં નીરજ ચોપરાએ ડબલ ગોલ્ડ મેડલ જીત્યો

નવી દિલ્હી તા. ૬
ભાલા ફેંકમાં ઈતિહાસ સર્જનાર નીરજ ચોપડા ફરી એકવાર વૈશ્વિક મંચ પર ભારતનો ત્રિરંગો લહેરાવવામાં સફળ થયો છે. નીરજ ચોપડાએ ડાયમંડ લીગ ૨૦૨૩માં પ્રથમ વખત ચેમ્પીયન તરીકે ભાગ લીધો હતો. નીરજની નજર ૯૦ મીટરના રેકોર્ડ પર હતી, પરંતુ તે તોડી શક્યો નહીં. જોકે તેમણે ૮૮.૬૭ મીટરના અંતર સાથે પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે નીરજ ચોપડાને અભિનંદન પાઠવ્યા હતા. ચોપડાના શાનદાર પ્રદર્શન પર કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું, નીરજ ચોપડાએ ફરી એકવાર ભારતને ગૌરવ અપાવ્યું છે.

દોહામાં ગોલ્ડ મેડલ જીતનાર નીરજ ચોપડાને ભારત માટે ગોલ્ડ મેડલ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## બ્રિટનનાં નવા રાજા તરીકે આજે કિંગ ચાર્લ્સની ભવ્ય તાજપોશી

લંડન તા. ૬ બ્રિટનના રાજા ચાર્લ્સ અને રાણી કેમિલાની તાજપોશી શનિવારે વેસ્ટમિન્સ્ટર એબી ચર્ચમાં બપોરે ૩:૩૦ વાગ્યે (ભારતીય સમય મુજબ) થશે. બ્રિટિશ શાહી પરિવારમાં ૭૦ વર્ષ બાદ આ સમારોહ યોજાશે. અગાઉ ૧૯૫૩માં રાણી એલિઝાબેથને તાજ પહેરાવવામાં આવ્યો હતો. ત્યારે તેઓ ૨૭ વર્ષનાં હતાં. એ સમયે પ્રિન્સ ચાર્લ્સ ૪ વર્ષના હતા. હાલ કિંગ ચાર્લ્સ ૭૪ વર્ષના છે. ખરાબ વાતાવરણની ચેતવણી હોવા છતાંય જે રસ્તાથી કિંગનો કાફલો જશે ત્યાં ભીડ એકઠી થવા લાગશે. તાજપોશી દરમિયાન કિંગ ચાર્લ્સને ૭૦૦ વર્ષ જૂની સેન્ડ એડવર્ડ ખુરસીમાં બેસાડવામાં આવશે.

## આજે મોચા ચક્રવાત એકટીવ થશે : ગુજરાત સહિત અનેક રાજયોમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

(દિલ્હી બ્યુરો)
નવી દિલ્હી, તા.૬:
મે મહિનાના પાંચ દિવસો વીતી ગયા છે અને દેશભરમાં હજુ પણ આકરી ગરમી પડી રહી નથી. જોકે, આજથી દેશના અનેક રાજ્યોના તાપમાનમાં વધારો જોવા મળી શકે છે. તો હજુ ઘણા રાજ્યોમાં વરસાદની સંભાવના છે.

દેશના કેટલાક વિસ્તારોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર જોવા મળી રહી છે તો બીજી તરફ કેટલાક રાજ્યોમાં ચક્રવાતની અસર જોવા મળે તેવી શકયતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે (શનિવાર) ૬ મેના રોજ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીમાં ચક્રવાત સર્જાશે.

જોકે, રાજ્યોમાં હાલ તેની અસર જોવા મળશે નહીં. આ ચક્રવાત ૭ મેના રોજ લો પ્રેશર બની જશે અને ૯ મેના રોજ મધ્ય બંગાળની ખાડી પર ડીપ ડિપ્રેશન એક ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાશે. ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જોરદાર પવન ફૂંકાઈ શકે છે. ૧૦ મેના રોજ પવનની ઝડપ ૮૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. ગુજરાત મહારાષ્ટ્ર વિદર્ભ જમ્મુ કાશ્મીર ઉત્તરાખંડ અરુણાચલ આસામ મેઘાલય છત્તીસગઢ ઓરિસ્સા આંધ્ર તેલંગાણા કર્ણાટક કેરળ તામિલનાડુમાં અને પોંડિચેરીમાં વીજળી સાથે વરસાદની સંભાવના છે.

બંગાળની ખાડીમાં ચક્રવાત મોચા મોચા આજે સક્રિય બનશે આંદામાન નિકોબારમાં તા.૭-૧૦ સુધી ભારેથી અતી ભારે વરસાદની આગાહી છે.

## વડાપ્રધાન મોદી ઓસ્ટ્રેલીયા જશે ૨૦ હજાર લોકોએ કાર્યક્રમમાં હાજરી આપવા રજીસ્ટ્રેશન કરાવ્યું

સીડની,તા. ૬ : વડાપ્રધાન મોદી ઓસ્ટ્રેલિયાની આગામી વિઝિટ દરમિયાન સિડનીમાં યોજાનાર ક્વોડ બેઠકમાં હાજરી આપવા જઈ રહ્યા છે અને આ વાતની જાણ થતાં જ ૨૦૦૦૦થી વધુ ભારતીયોએ ૨૩ મેના યોજાનારા આ કાર્યક્રમમાં હાજરી આપવા માટેનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઈન્ડીયન ઓસ્ટ્રેલિયન ડાયસ્પોરા ફાઉન્ડેશન દ્વારા 'ઓસ્ટ્રેલિયા વેલકમ મોદી' નામથી આયોજિત એક કાર્યક્રમનું આયોજન થવાનું છે અને આ જ કાર્યક્રમમાં ભારતીય મૂળના ઓસ્ટ્રેલિયામાં સ્થાયી થયેલાં લોકોને મોદીને જોવા અને સંબોધન સાંભળવાની તક પૂરી પાડશે.

પીએમ મોદીના આ કાર્યક્રમને લઈને લોકોમાં જોરદાર ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. આ ઈવેન્ટ માટે ૨૦૦૦૦થી વધુ વિદેશી ભારતીયોએ પહેલાંથી જ રજીસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ત્યારથી, વિવિધ સામાજિક, સાંસ્કૃતિક, ભાષાકીય, વ્યવસાયિક, વ્યાવસાયિક અને ધાર્મિક કાર્ય કરતી ૩૦૦થી વધુ વિદેશી સંસ્થાઓએ સ્વાગત માટે 'વેલકમ પાર્ટનર્સ' બનવા માટે નોંધણી કરાવી દીધી છે.

## જીએસટી કૌભાંડ અટકાવવા બોગસ પેઢીઓ, રજીસ્ટ્રેશન વિરૂધ્ધ એક મહિના સુધી દેશવ્યાપી ઝુંબેશ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૬
જીએસટી કાયદામાં નવી-નવી છટકબારીઓ શોધીને કૌભાંડીયાઓ નવા-નવા કારસ્તાનો આચરતા હોવાના ખુલાસાને પગલે કેન્દ્ર સરકારે રાષ્ટ્રીયસ્તરે બોગસ રજીસ્ટ્રેશન સામે મસમોટી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. સરકારે અનેક ત્રુટીઓ દુર કરી હોવા છતાં નવી તરકીબો અપનાવીને ખોટી ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવીને સરકારી તિજોરીને કરોડોનો ચુનો ચોપડાતો હોવાનુ સરકારના ધ્યાને આવ્યુ છે. કેન્દ્ર સરકારના ટોચના સૂત્રોએ કહ્યું કે બોગસ દસ્તાવેજોના આધારે રજીસ્ટ્રેશન મેળવી લેનાર કંપનીઓની ઓળખ કરીને રજીસ્ટ્રેશન રદ કરવા સમગ્ર દેશના જીએસટી વિભાગને સૂચના આપવામાં આવી છે. આ સિવાય કંપની મારફત બોગસ ઈનપુટ ટેકસ ક્રેડીટ મેળવાઈ હોય તો તે રીકવર કરવા તથા જરૂર પડયે કૌભાંડીયાઓની મિલ્કતો તથા બેંક ખાતા ટાંચમાં લેવાના પણ આદેશ કરાયા છે. ઈનપુટ ટેકસ ક્રેડીટની ચેઈનમાં સામેલ વેપારીઓ પાસેથી પણ નાણાં રીકવર કરવા કહેવાયુ છે. સૂત્રોએ કહ્યું કે ભૂતકાળની ઝુંબેશમાં અનેક કૌભાંડીયાઓનો ભાંડોફુટયો હતો. એટલું જ નહી તેમની સાથે વ્યવહારો કરનારી મોટી કંપનીઓ પર પણ સિકંજો કસાયો છે.

છતાં કૌભાંડો ચાલુ જ છે. કૌભાંડ આચરતા તત્વો બનાવટી વિજબીલથી માંડીને બોગસ મિલ્કતવેરા બીલ-ભાડા કરારના આધારે ધંધાની જગ્યા બતાવીને કંપની-પેઢીનુ રજીસ્ટ્રેશન મેળવી લેતા હોવાનું ધ્યાને આવ્યુ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા દેશભરના જીએસટી અધિકારીઓને પાઠવાયેલી લેખિત સૂચનામાં ગુજરાતના કૌભાંડીયાઓની મોડસ ઓપરેન્ડીના ઉદાહરણ પણ ટાંકવામાં આવ્યા છે. આધારકાર્ડ સેવા કેન્દ્રમાં જઈને ગરીબ-મજુરોના આધારકાર્ડના ફોન નંબર બદલાવીને ડમી નંબર નાખી દેવામાં આવે છે. સરકારી યોજનાનો લાભ અપાવવાના નામે ગરીબોને ગેરમાર્ગે દોરી નંબર બદલાવી દેવામાં આવે છે. ઈનપુટ ટેકસ ક્રેડીટના કૌભાંડ થકી સરકારી તિજોરીને ખૂબ મોટુ નુકશાન થઈ રહ્યું છે. જીએસટી કૌભાંડ ગંભીર સમસ્યા બની ગયું છે ત્યારે હવે આગામી તા.૬ મે થી એક મહિનો લાંબી ઝુંબેશ ચલાવવાનું નકકી કરાયું છે જે દરમ્યાન શંકાસ્પદ કે બોગસ રજીસ્ટ્રેશનની ઓળખ મેળવીને કૌભાંડીયાઓને સિસ્ટમમાંથી બહાર કરવાના રહેશે. જીએસટી નેટવર્કને પણ અભિયાનમાં સામેલ કરાયુ છે તેના દ્વારા તમામ રાજયના વિભાગોને લીસ્ટ મોકલવામાં આવશે તેના આધારે અધિકારીઓને વેરીફીકેશન અભિયાન ચલાવવાનું રહેશે. પેઢી બોગસ માલુમ પડવાના સંજોગોમાં તત્કાલ રજીસ્ટ્રેશન રદ કરવાનું રહેશે.

## જી-૨૦ સંમેલન નિષ્ફળ બનાવવા કાશ્મીરમાં ૨૬/૧૧ જેવો હુમલો કરવાનું ભયાનક ષડયંત્ર

શ્રીનગર, તા.૬
જમ્મુ-કાશ્મીરમાં જી-૨૦ કોન્ફરન્સને નિષ્ફળ બનાવવા માટે આતંકવાદી સંગઠનો મુંબઈમાં ૨૬/૧૧ના હુમલા જેવું કાવતરું ઘડી રહ્યા છે. ગુપ્તચર એજન્સીઓની મદદથી જમ્મુ-કાશ્મીર પોલીસે જૈશ-એ-મોહમ્મદના એક ઓવરગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી છે. પૂછપરછ દરમિયાન તેણે આતંકવાદી સંગઠનોની યોજનાઓનો પર્દાફાશ કર્યો છે. તેમણે કહ્યું કે જી-૨૦ કોન્ફરન્સ દરમિયાન આતંકવાદીઓ એક સાથે બેથી ત્રણ જગ્યાએ હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે. વિદેશી મહેમાનોને નુકસાન પહોંચાડવા ઉપરાંત, આતંકવાદીઓ ૨૬ નવેમ્બર, ૨૦૧૧ ના રોજ મુંબઈમાં લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓની જેમ જ હોટલ અથવા ઓડિટોરિયમમાં પ્રવેશવા અને બંધક બનાવવાનો હેતુ ધરાવે છે. ધરપકડ કરાયેલ ઓવરગ્રાઉન્ડ વર્કર ફારૂક અહમદ વાની બારામુલ્લા જિલ્લામાં આવેલા એક ગામનો રહેવાસી છે. તેની ૧૦ દિવસ પહેલા ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી ગ્રેનેડ અને અન્ય વસ્તુઓ મળી આવી છે. પોલીસે તેની ધરપકડની સત્તાવાર પુષ્ટિ કરી નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તે ઈન્ટરનેટ મીડિયા દ્વારા પાકિસ્તાનમાં તેના હેન્ડલર્સ સાથે સતત સંપર્કમાં હતો. તે શ્રીનગરથી લગભગ ૪૫ કિમી દૂર સ્થિત એક પ્રખ્યાત પર્યટન સ્થળ પંચતારા હોટેલમાં ડ્રાઈવર છે.

આ પ્રવાસન સ્થળ પર જી-૨૦ કોન્ફરન્સમાં આવનારા ભારત અને વિદેશના મહેમાનો માટે પ્રવાસનો કાર્યક્રમ પણ પ્રસ્તાવિત છે.

## પાકિસ્તાન પહોંચતાની સાથે જ બિલાવલે ભારત વિરૂધ્ધ ઝેર ઓકયું

ઈસ્લામાબાદ તા. ૬
શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભારતના મોઢેથી આતંકવાદના મુદે આકરા શબ્દો સાંભળ્યા બાદ પણ પાકિસ્તાનના વિદેશમાંથી બિલાવલ ભુટોએ સ્વદેશ પરત ફરતા આતંકવાદ મુદે ભારતના વલણને ડિપ્લોમેટીક પ્રોપેગેંડા-રાજદ્વારી કુપ્રચાર તરીકે ગણાવીને કહ્યું કે એસ.જયશંકર જે બોલ્યા તે તેના વિધાન અને તેમની અરજી છે

પણ એ મારૂ નિવેદન મિડિયા સમક્ષ આપ્યુ જ છે. આતંકવાદની પિડિત અને તેને ફેલાવવા કરી સાથે સાથે બેસીને ચર્ચા કરી શકે નહી ત્યાં (ભારતમાં) ખોટા (જુઠા) પ્રોપેગેંડાના કારણે તેમાં અસુરક્ષિતતાનો ભાવ અનુભવી રહ્યા છે અને જયારે મે મારી વાત કહી તો તે પ્રોપેગેંડા ખત્મ થઈ જાય છે. આ ફકત ભારત માટે જ નથી પણ એ તમામ માટે છે જેઓ આતંકવાદ સાથે પાકિસ્તાનનું નામ જોડે છે. મે મારા રાજકીય ઈતિહાસમાં કદી એક પણ આતંકી સાથે બેઠો નથી. બિલાવલ ભુટોએ કહ્યું કે લોકોની સામુહિક સુરક્ષાએ સૌની સંયુક્ત જવાબદારી છે.

આતંકવાદ વૈશ્વીક સુરક્ષા માટે ખતરો છે. આપણે આતંકવાદને રાજદ્વારી હથિયાર બનાવીને એકબીજાને ઘેરવાની કોશિશ કરવી જોઈએ નહી. તેઓએ કહ્યું કે હું ફકત પાકિસ્તાનના વિદેશમંત્રી તરીકે જ નહી પણ જેની માતાની આતંકવાદીઓના હાથે હત્યા થઈ છે તે પુત્ર તરીકે પણ કહી રહ્યો છું. પાકિસ્તાનના લોકોએ પણ આતંકવાદ સામે ખૂબજ નુકશાન સહન કર્યુ છે.

## જેલમાં રહેલા ભારતનાં ૪૦૦ માછીમારોને પાકિસ્તાન મુકત કરશે

નવી દિલ્હી તા.૬ શાંઘાઈ સહયોગ સંગઠનની વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા આવેલા પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો જરદારીનાં ભારત પ્રવાસની ફળશ્રુતિ રૂપે પાકિસ્તાને કહ્યું કે, તે ૬૦૦ ભારતીય માછીમારોને ગુડવિલ જેસ્ચર પર છોડશે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ૬૦૦માંથી ૨૦૦ માછીમારને ૧૨ મેના રોજ છોડવામાં આવશે અને બાકીના ૪૦૦ માછીમારોને ૧૪ મેના રોજ છોડવામાં આવશે.

હરી ૐ
સંતશ્રી આશારામજી બાપુ આશ્રમ દ્વારા પ્રકાશિત સાહિત્ય તથા માસિક પત્રિકા, ઋષીપ્રસાદ, નોટબુક, આયુર્વેદિક ઔષધિઓ, તેમજ અન્ય વસ્તુઓ સામાન્ય માણસ ખરીદી શકે તે કિંમતમાં મેળવવા માટેનું પ્રાપ્તિસ્થાન
સાહિત્ય સેવા કેન્દ્ર
ગીરીરાજ મેઈન રોડ, બસીધર ડેરી ફાર્મ સામે, બસ સ્ટેશન પાછળ, જૂનાગઢ.
સંપર્ક :૭૯૯૦૮ ૭૫૧૪૨


લોન...લોન... લોન...
દીકરા દીકરી ને અભ્યાસ માટે
રૂપિયા ૨૫૦૦૦ થી ૧૦૦૦૦૦
સુધી ની લોન મળશે
લોન લેનાર દરેક વ્યક્તિ ને સેમસંગ કમ્પની નો મોબાઈલ મળશે
મો. ૮૧૫૫૮૮૩૯૩૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કંડારેલી ગુડ ગવર્નન્સની ઉજ્જવળ પરિપાટીને આગળ ધપાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# આગામી તા.૧૯ થી ૨૧ મે દરમ્યાન સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજાશે રાજ્ય સરકારની દસમી ચિંતન શિબિર



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ૨૦૦૩થી ચિંતન શિબિર શરૂ કરાવી છે : આ વર્ષની ચિંતન શિબિરમાં પાંચ જેટલા વિષયો ઉપર જૂથચર્ચા

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં રાજ્ય સરકારના મંત્રીઓ તથા વરિષ્ઠ સચિવો, વહીવટી, સનદી અધિકારીઓની ત્રિદિવસીય ચિંતનશિબિર આગામી તા.૧૯ થી ૨૧ મે-૨૦૨૩ દરમ્યાન કેવડિયા SoU ખાતે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ચિંતનશિબિરની ૧૦મી શ્રેણીનો પ્રારંભ તા.૧૯ મી મે ૨૦૨૩, શુક્રવારે કેવડીયા ખાતેથી કરાવશે. રાજયમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવો, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેકટર- ડી.ડી.ઓ., મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા લોકો આ ત્રિ-દિવસીય ચિંતન શિબિરમાં જોડાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આગામી ચિંતન શિબિરના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ૨૦૦૩થી આ ચિંતન શિબિરની પરંપરા શરૂ કરાવેલી છે. આ ચિંતન શિબિરની શ્રૃંખલા ગુડ ગવર્નન્સની અનુભૂતિ છેક છેવાડાના માનવીને થાય તેવી સુચારૂ વહીવટી પ્રક્રિયાઓ, નવા વિચારો અને સામુહિક ચિંતન અભિવ્યક્તિના આશયથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થઈ છે. ત્રિ-દિવસીય ચિંતન શિબિરનો દરરોજ સવારે યોગ અભ્યાસ સત્રથી પ્રારંભ થશે.

આ ૧૦મી ચિંતન શિબિરમાં પાંચ મુખ્ય વિષયવસ્તુ સાથેના ચર્ચાસત્રો-ગ્રુપ ડિસ્કશન્સ યોજાશે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓના પ્રત્યેક ગ્રુપમાં ૪૫ એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન આપશે. આ ત્રિ-દિવસીય ચિંતન-શિબિર દરમ્યાન શિબિરાર્થીઓ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિવિધ આકર્ષણો અને સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસેલિટીઝની મુલાકાત, લાઈટ એન્ડ સાઉન્ડ શો નિદર્શન તેમ જ નર્મદાઆરતીમાં સહભાગીતાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ દ્વારા આ ચિંતન શિબિરના સમગ્ર આયોજનના સુચારૂ સંચાલન માટેની વ્યવસ્થાઓ અંગે પણ બેઠકમાં ચર્ચા-પરામર્શ હાથ ધરવામાં આવ્યા હતા. મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા સહિત વરીષ્ઠ અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો અને સચિવો આ બેઠકમાં જોડાયા હતા.

# પશુપાલકોને વિવિધ યોજનાઓનો લાભ મેળવવા ૧૫ જુન સુધી આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવા સૂચના

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૬

પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે રાજકોટ જિલ્લાના પશુપાલકોએ આઈ. ખેડૂત પોર્ટલ ઉપર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ પોર્ટલ ઉપર પશુપાલકો માટે લાભકર્તા કુલ ૩૧ યોજના છે જેમાં દરેક યોજનામાં અલગ-અલગ કેટેગરી પ્રમાણે ફોર્મ ભરવાના હોય છે. આગામી તા. ૧૫ જૂન સુધી પશુપાલકો આઈ. ખેડૂત પોર્ટલ ઉપર જઈને ઓનલાઈન અરજી કરી શકશે. પશુપાલકોએ તેમને લાગુ પડતી યોજનાઓમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેની પ્રિન્ટ મેળવીને જરૂરી સાધનિક કાગળો સાથે જોડીને અરજીના પ્રથમ પાના ઉપર દર્શાવેલા નોડલ એજન્સી/ કચેરી ખાતે મોકલી આપવાની રહેશે.

આ અંગે, વધુ માહિતી માટે નજીકના પશુ દવાખાનાનો સંપર્ક સાધી શકાશે. જિલ્લાના પશુપાલકોને સરકાર દ્વારા કાર્યરત વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે નાયબ પશુપાલન નિયામક કે.યુ.ખાનપરા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકશાની અન્વયે જાહેર કરાયેલ વિશેષ રાહત પેકેજ માટે માર્ગદર્શિકા જાહેર

**ગ્રામ્ય કક્ષાની સર્વે યાદીમાં સમાવેશ થયેલ ખેડુત ખાતેદારોએ નિયત નમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે : અરજી બાબતે કોઈ પ્રશ્ન હોય તો વિસ્તરણ અધિકારી(ખેતી)/જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે**

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૬

રાજયમાં માર્ચ-૨૦૨૩ માસમાં થયેલ કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકશાની અન્વયે રાજય સરકાર દ્વારા વિશેષ રાહત પેકેજ જાહેર કરાયું છે જેના લાભ માટે માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. ખેતી તથા બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકશાન થયું હોય તે જ કિસ્સામાં સહાય મળવાપાત્ર રહેશે અને ખાતાદીઠ (ગામ નમૂના નં-૮/અ મુજબ) મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં મળવાપાત્ર થશે એમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયુંછે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ ગામ નમૂના નં. ૭-૧૨, આધાર નંબર, મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ નંબર, IFSC કોડ તથા નામ દર્શાવતી બેંક પાસબુક પાનાની નકલ, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો “ના - વાંધા અંગેનો સંમતિ પત્ર” વગેરે સાધનિક વિગતો સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા કરવામાં આવેલ પાક નુકશાની સર્વેમાં ૩૩% થી વધુ નુકશાન માલુમ પડેલ હોય તેવા સર્વે નંબરવાળા ખેડુત ખાતેદાર કે જેના સર્વે / ખાતા નંબર ગ્રામ્ય કક્ષાએ સર્વે યાદીમાં સમાવેશ થયેલ હોય તેવા ખેડુત ખાતેદારોને જ આ સહાય પેકેજ નો લાભ મળશે. ગ્રામ્ય કક્ષાની સર્વે યાદીમાં સમાવેશ થયેલ ખેડુત ખાતેદારોએ આ પેકેજનો લાભ લેવા માટે નિયત નમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે. તેમજ તાલુકા કક્ષાએ ગામ વાઈજ સર્વેની યાદી વિસ્તરણ અધિકારી(ખેતી) દ્વારા નિભાવવાની રહેશે. અરજી બાબતે કોઈ પ્રશ્ન હોય તો વિસ્તરણ અધિકારી (ખેતી)/ જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે એમ વધુમાં જણાવાયુંછે.

# ખંભાળિયાના શખ્સે યુવતીને લગ્ન કરવાની લાલચ આપી દુષ્કર્મ આચર્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયાની એલસીબી પોલીસમાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા કોન્સ્ટેબલ દ્વારા ઓખાની યુવતી સાથે દુષ્કર્મ આચારવા સબબ ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

ખંભાળિયામાં રહેતા મેહુલ રાઠોડ નામના શખ્સ દ્વારા ઓખા મંડળના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષની એક યુવતી સાથે થોડો સમય મિત્ર કેળવ્યા બાદ તેણીને લગ્ન કરવાની લાલચ આપી તેણી સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મેહુલ રાઠોડ દ્વારા ફરિયાદી યુવતીને લગ્ન કરવાની ના કહી, અન્ય યુવતી સાથે સગાઈ કરી લેતા આ સમગ્ર પ્રકરણ અંગે યુવતીની ફરિયાદ ઉપરથી ખંભાળિયા પોલીસે મેહુલ રાઠોડ નામના શખ્સ સામે આઈ.પી.સી. કલમ ૩૭૬ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ અહીંના પી.એસ.આઈ. એન.એચ. જોશી દ્વારા હાથ ધરવામાં આવી છે. આ ફરિયાદમાં જે આરોપી તરીકે દર્શાવવામાં આવ્યો છે તે યુવાન અગાઉ દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસમાં અને હાલ પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હોવાનું જાણવા મળ્યું છે.

**મીઠાપુરમાં રખડતી ભટકતી હાલતમાં બે શકમંદ ઝડપાયા**

મીઠાપુરના સુરજકરાડી વિસ્તારમાં આવેલી સોની બજારમાંથી મોડી રાત્રીના સમયે પોલીસે ભીમરાણા ગામના આશિષભા ખેતાભા માણેક (ઉ.વ. ૧૯) અને દિલીપ હરભમ ચમડીયા (ઉ.વ. ૧૯) નામના બે શખ્સોને અંધારામાં લપાતા-છુપાતા, દુકાનોના તાળા તપાસતા ઝડપી લઈ, આ બંને શખ્સો સામે કલમ ૧૨૨ (સી) મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. દ્વારકા નજીકના વરવાળા ગામેથી પોલીસે મધુ મુરજી તાવડી નામના ૪૫ વર્ષના શખ્સને કેફી પીણું હાલતમાં રૂપિયા વીસ હજારની કિંમત સુઝુકી મોટરસાયકલ ઉપર નીકળતા ઝડપી લઈ, તેની સામે કલમ ૧૮૫ તથા પ્રોહિ. એક્ટ મુજબ કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢ જીલ્લાનાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ઘરફોડ ચોરીનાં ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી ફરારી આરોપીને ઝડપી લેવાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જીલ્લાનાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ઘરફોડચોરીનાં ગુનામાં છેલ્લા ૨૦ વર્ષથી નાસતો ફરતો રહેલો આરોપી હિતેશ રમણીકભાઈ મજેઠીયા (ઉ.વ. ૪૫) મુળ જૂનાગઢ હાઉસીંગ કોલોનીવાળાને ચોકકસ બાતમીનાં આધારે ક્રાઈમ બ્રાંચ જૂનાગઢનાં પીઆઈ જે.જે. પટેલ તથા પીએસઆઈ જે.જે. ગઢવી અને સ્ટાફે તેમજ સુરત પોલીસ વગેરે દ્વારા સુરત ખાતેથી આ શખ્સને ઝડપી લઈ અને તેનાં વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાણવડના છ વર્ષ પહેલાના એટ્રોસિટી કેસમાં આરોપીને બે વર્ષની સખત કેદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ભાણવડ તાલુકાના હાથલા ગામે આજથી આશરે છ વર્ષ પૂર્વે નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા જેસીબી મશીન વડે સાફ-સફાઈની કામગીરી કરવામાં આવી રહી હતી. તે દરમ્યાન હાથલા ગામના ઉપસરપંચ ગિરિરાજસિંહ જેઠવા તથા મોરાણા ગામના યુવાન યુવરાજસિંહ વિક્રમસિંહ જેઠવા આ સ્થળે આવ્યા હતા અને રોડ ઉપર રહેલો કચરો દૂર કરવા ચાલી રહેલી ચર્ચામાં કોઈ કારણોસર ઉશ્કેરાઈ ગયેલા યુવરાજસિંહ જેઠવાએ આ સ્થળે રહેલા સામતભાઈ સોમાભાઈ મગરા (રહે. હાથલા)ને "ઉકરડો બીજી જગ્યાએ ફેંકી દેવો છે"-તેમ કહી અને આરોપીએ ફરિયાદી સામતભાઈને બિભત્સ ગાળો કાઢી, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી, હડધૂત કર્યા હતા. બધડાટી દરમ્યાન આ સ્થળે રહેલા ફરિયાદીના પત્ની અને ભાઈ વિગેરે વચ્ચે આવી ગયા હતા અને તેઓને છોડાવ્યા હતા. આ બનાવ અંગે ભાણવડ પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪ તથા એટ્રોસિટી એકટની કલમ મુજબ ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે તપાસનીસ અધિકારી દ્વારા ચાર્જસિટ રજૂ કરવામાં આવતા ખંભાળિયાની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી ગયેલા આ કેસમાં કુલ ૧૧ સાક્ષીઓની તપાસ, સાહેદોની જુબાની તથા આ કેસ સંદર્ભે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડાની દલીલોને ગ્રાહ્ય રાખી ખંભાળિયાના એડિશનલ સેશન્સ જજ દ્વારા આરોપી યુવરાજસિંહ જેઠવાને તકસીરવાન ઠેરવીને બે વર્ષની સખત કેદની સજા તથા રૂપિયા ૧૧,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા-જુદા વિસ્તારોના પ્રભારીઓની ભાજપ દ્વારા નિયુક્તિ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે હાથ ધરવામાં આવેલી કામગીરીમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ અધ્યક્ષ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં પ્રભારીઓની નિયુક્તિ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી પ્રદીપભાઈ ખીમાણી તથા બીનાબેન આચાર્ય સાથે સંકલન તેમજ ચર્ચા-વિચારણા બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી દ્વારા જુદા જુદા મોરચાના પ્રભારી તરીકેની નિયુક્તિમાં જિલ્લા મહામંત્રી રસિકભાઈ નકુમને જિલ્લા મહિલા મોરચાની જવાબદારી, યુવા મોરચાના પ્રભારી તરીકે યુવરાજસિંહ વાઢેર, બક્ષીપંચ મોરચાના પ્રભારી તરીકે ભરતભાઈ ગોજીયા, કિસાન મોરચા માટે પાલભાઈ કરમુર, અનુસૂચિત જાતિ માટે જ્યોત્સનાબેન સાગઠીયા તથા લઘુમતી મોરચાના જિલ્લા પ્રભારી તરીકે પરબતભાઈ ભાદરકાને જવાબદારી સોંપવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ મહામંત્રી યુવરાજસિંહ વાઢેરને ઓખા શહેર, દ્વારકા તાલુકો, દ્વારકા શહેર તથા કલ્યાણપુરના પ્રભારી, જ્યારે જિલ્લા મહામંત્રી રસિકભાઈ નકુમને ખંભાળિયા અને ભાણવડ તાલુકા, ભાણવડ શહેર અને જિલ્લા કાર્યાલયના ઈન્ચાર્જ તરીકેની જવાબદારી જ્યારે ભરતભાઈ ગોજીયાને ખંભાળિયા, સલાયા અને રાવલ શહેરની પ્રભારી ક્ષેત્રની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત અગ્રણી મહિલા કાર્યકર નિમિષાબેન નકુમ અને ગીતાબા જાડેજાને ખંભાળિયા શહેર મંડળના પ્રભારીક્ષેત્રમાં નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત ખંભાળિયા તાલુકા માટે દાતા ગામના સેવાભાવી યુવાન રાજુભાઈ સરસિયા તથા રંજનબેન કશ્યપભાઈ ડેરને પ્રભારી તરીકે, સલાયા માટે પરેશભાઈ કાનાણી અને પી.એમ. ગઢવી, ભાણવડ શહેર માટે માલતીબેન કંડોરીયા, ભાણવડ તાલુકા માટે મેઘજીભાઈ પિપરોતર, ઓખા શહેર માટે રમેશભાઈ હેરમા અને ધનાભાઈ નાગેશ, દ્વારકા તાલુકા માટે ખેરાજભા કેર અને મોહનભાઈ બારાઈ, દ્વારકા શહેર માટે જેરામભાઈ સોનગરા અને નયનાબા રાણા, કલ્યાણપુર તાલુકા માટે કેતનભાઈ બુધ્ધભટ્ટી અને પરબતભાઈ વરૂ, રાવલ શહેર માટે રેખાબેન હરભમભાઈ ઓડેદરાને જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લાના તમામ વિસ્તારોમાં નવા પ્રભારી, હોદ્દેદારોને કરવાની થતી કામગીરી અંગે પણ જરૂરી સલાહ સુચન આપવામાં આવ્યા છે.

# આવતીકાલે લાઈન મસ્જીદ ખાતે હઝ-ઉમરા અંગેનો પ્રેકટીકલ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૬ : જૂનાગઢ શહેરમાં જેલરોડ ઉપર સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સામે આવેલ લાઈન મસ્જીદ લીમવાલે સરકાર ખાતે આવતીકાલે રવિવારે હઝ અને ઉમરાનો પ્રેકટીકલ પ્રોગ્રામ રાખવામાં આવેલ છે. જેમાં જે લોકો હઝ-ઉમરા ઉપર જવા માંગે છે તેઓ માટે આ કાર્યક્રમ ખુબ જ ઉપયોગી સાબિત થશે. જેમાં મુફતી મહમદરફી મીસબાહી તમામ વિષયો ઉપર માર્ગદર્શન આપશે. મહિલાઓ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ કાર્યક્રમ સ્થળે ચા-નાસ્તા અને બપોરનાં ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાગ લેવા એક યાદીમાં જણાવ્યું છે. આ કાર્યક્રમની વધુ માહિતી મેળવવા માટે હાફીઝ સલીમસાહેબ અઝહરી (મો. ૮૮૪૯૬ ૪૯૧૧૪) અને હાજી અબ્દુલ રહીમ જગોત (મો. ૯૪૨૬૬ ૭૩૭૮૬)નો સંપર્ક સાધવો.

# રાજકોટ જિલ્લામાં આગામી ૬ થી ૯ મે દરમ્યાન અંશત: વાદળછાયું અને વરસાદી વાતાવરણ રહેવાની સંભાવના

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા.૬

રાજકોટ જિલ્લામાં આગામી ૬ થી ૯ મે દરમ્યાન અંશત: વાદળછાયું વાતાવરણ રહેવાની શકયતા છે. આ સમયગાળામાં દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૮ થી ૪૧ ડિગ્રી સેલ્સીયસ અને રાત્રિ દરમ્યાન લઘુત્તમ તાપમાન ૨૪ થી ૨૫ ડિગ્રી સેલ્સીયસ તેમજ લઘુત્તમ ભેજનું પ્રમાણ ૧૬ થી ૨૬ ટકા અને મહત્તમ ભેજનું પ્રમાણ ૬૩ થી ૬૯ ટકા રહેવાની સંભાવના છે. પવનની દિશા પશ્ચિમની અને પવનની ઝડપ ૧૪ થી ૨૦ કી.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.



દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

+ કેન્સર પર જીત મેળવી શકાય +
વહેલું નિદાન, ત્વરિત સારવાર, સુખમય જીવન
વજન, વ્યસન અને જીવનશૈલીમાં ફેરફાર કરવાથી કેન્સરને પાછું ઠેલવી શકાય.
સારવાર મફત મળે, પીડા નહીં.
ડૉ. એ. જે. ડબાવાલા - અમરેલી.
Mo. 8140926349

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
આઈસ્ક્રીમ
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ જીલ્લા દ્વારા છેલ્લા એક વર્ષમાં સ્વાગત ફરિયાદ નિવારણની જીલ્લા કક્ષાની ૧૬૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો

## જીલ્લાના ૧૦ તાલુકાની તાલુકા કક્ષાની ૧૬૫૦ અરજીઓનો ૯૯.૭૬ ટકા નિકાલ કરાયો





જૂનાગઢ, તા.૬

લોકોના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે રાજ્ય સરકાર દ્વારા દર મહિને સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવે છે. જેમાં લોકોની અરજીઓનો હકારાત્મક નિકાલ થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં જિલ્લા કક્ષાએ ૧૦૦ અને તાલુકા કક્ષાએ ૯૯.૭૬ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

લોકોના પડતર પ્રશ્નોનો નિકાલ હવે તે માટે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં લોકોના પ્રશ્નો મુખ્યમંત્રી સાંભળી તેનું નિરાકરણ લાવતા હતા. સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને સફળતા મળતા હવે તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પણ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે અને મામલતદાર, પ્રાંત અધિકારી અને જિલ્લા કલેક્ટર દ્વારા તેમનો હકારાત્મક નિકાલ થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લાની વાત કરીએ તો માર્ચ-૨૦૨૨થી એપ્રિલ ૨૦૨૩ સુધીમાં જિલ્લા કક્ષાએ ૧૬૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે જૂનાગઢ જિલ્લાના ૧૦ તાલુકાની તાલુકા કક્ષાની ૧૬૫૦ અરજીઓમાંથી ૧૬૪૬ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. જેમાં માંગરોળ અને મેંદરડા તાલુકાની અરજીઓ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને લાગુ ન પડતી હોય તેના કારણે આ અરજીનો નિકાલ કરવામાં આવ્યો નથી. જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં આવેલ જિલ્લા કક્ષાની અને તાલુકા કક્ષાની અરજીઓમાં વીજ કનેકશન, પેન્શન યોજના, જમીન માપણી, ગેરરીતી અને ફ્રોડ બાબતે, રસ્તા બાબતે, ગૌચર દબાણ, રેશનકાર્ડ બાબતે, સિંચાઈ માટે અને પોલીસ ફરિયાદ સહિતની વિવિધ બાબતો અંગેની અરજીઓ કરવામાં આવી હતી. આ તમામ અરજીઓને મામલતદાર, પ્રાંત અધિકારી અને કલેક્ટરશ્રી દ્વારા ધ્યાને લઈને તેમનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા છેલ્લા એક વર્ષમાં જિલ્લા કક્ષાની ૧૬૧ અરજીઓનો હકારાત્મક નિકાલ કરી ૧૦૦ ટકા અરજીઓ નિકાલ કર્યો છે. જ્યારે જિલ્લાના ૧૦ તાલુકાની તાલુકા કક્ષાની ૧૬૫૦ અરજીઓમાંથી ૯૯.૭૬ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આમ, જૂનાગઢ જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા લોકોના પ્રશ્નોનો ઉકેલ સ્થાનિક કક્ષાએથી આવે તે માટે અરજીઓનો હકારાત્મક નિકાલ કરી લોકોની સમસ્યાઓનું સમાધાન કરે છે.

# ગીર સોમનાથની ખાદ્યપદાર્થો બનાવતી-વેંચાણ કરતી ૧૦ પેઢીઓની વસ્તુઓ સબસ્ટાન્ડર્ડ- મિસબ્રાન્ડ જાહેર થતા રૂા.૨.૨૫ લાખનો દંડ ફટકાર્યો

## ફુડ વિભાગે દસેય પેઢીઓમાંથી ખાદ્ય વસ્તુઓના નમુના લઈ પૃથ્થકરણ માટે મોકલેલ જેનો રીપોર્ટ આવતા કાર્યવાહી કરવામાં આવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૬

ગીર સોમનાથ જિલ્લામાં ખાદ્યચીજની વસ્તુઓમાં ભેળસેળ બાબતે ૧૦ જેટલી પેઢીઓમાંથી ફુડ વિભાગે લીધેલ નમુનાના પૃથ્થકરણમાં સબસ્ટાન્ડર્ડ-મિસબ્રાન્ડ જાહેર થતા કેસ ચલાવીને સવા બે લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવેલ છે. જો ભવિષ્યમાં આવું ભેળસેળ ફરી પકડાશે તો પેઢીનું લાયસન્સ રદ કરવા સુધીની કડક કાર્યવાહી કરવાની તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં થોડા સમય પૂર્વે ફુડ વિભાગે કાર્યવાહી કરી હતી. જેમાં જિલ્લામાં ખાદ્યચીજોનું વેચાણ કરતી જુદી જુદી દસેક જેટલી વિક્રેતા પેઢીઓ તથા મેન્યુફેક્ચરીંગ કંપનીઓ દ્વારા વેચાણ કરવામાં આવતી ખાદ્ય ચીજવસ્તુઓ (સોફ્ટ ડ્રીંક, ચા (પૈક), સોર્ટેક્ષ દાળ, ડ્રાયફ્રુટસ (પેક), ઘી (લુઝ), શ્રીખંડ સહિતની ખાધવસ્તુઓના સેમ્પલ (નમુના) લઈ પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ હતા. જેનો આવેલ પૃથ્થકરણ રીપોર્ટમાં ઉપરોકત ખાદ્ય પદાર્થવસ્તુઓ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ ની જોગવાઈ મુજબ સબસ્ટાન્ડર્ડ-મિસબ્રાન્ડ જાહેર થઈ હતી. જેથી આ પેઢીઓ સામે જિલ્લાના અજુડિકેટિંગ ઓફિસર એવા અધિક કલેકટરની કોર્ટમાં કેસ ચાલેલા જેમાં પેઢીઓને દંડ ફટકારવામાં આવ્યો છે જેમાં અધિક કલેકટર બી.વી.લીંબાસીયાએ ખાદ્યપદાર્થો ના સ્ટાન્ડર્ડને અનુલક્ષીને જે પેઢીઓ સામે કરેલ કાર્યવાહીમાં ગંગા જમના આઈસક્રીમ (એફ.બી.ઓ. મેન્યુફેકચરીંગ પેઢી), નટરાજ ડેરી ફાર્મ (એફ .બી.ઓ. મેન્યુફેકચરીંગ પેઢી), એ-વન ફૂડ (મેન્યુફેકચરીંગ પેઢી), ભારત ટ્રેડર્સ, પાર્થ ટ્રેડર્સ, દયાળ રોલર એન્ડ ફોર મિલ્સ (ઉત્પાદક પેકર્સ પેઢી), છાયા જનરલ સ્ટોર (એફ.બી.ઓ.), દિપક પ્રોવિઝન સ્ટોર, બંસી બેવરેજીસ રીટેઈલ પેઢી, પટેલ બોટલિંગ કંપની સહિતની એફ.બી.ઓ. મેન્યુફેકચરીંગ પેઢી સામે કેસ ચલાવી કુલ રૂ.૨,૨૨,૦૦૦ નો દંડ કરવામાં આવેલ છે. તેમજ ભવિષ્યમાં આ પ્રકારનું ભેળસેળ વાળું કૃત્ય કરતા હોવાનું માલૂમ પડશે તો કંપની અથવા પેઢીનું લાયસન્સ રદ કરવા સુધીની કડક કાર્યવાહી કરવાની તાકીદ કરી હતી.

# ઉના તાલુકામાં રૂા.૧.૬૭ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય કે.સી.રાઠોડ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૬

ઉના વિધાનસભાના ધારાસભ્ય તરીકે ચૂંટાયાના ટૂંકા ગાળામાં જ ઉના તથા ગીર ગઢડા તાલુકામાં વિકાસની કામગીરી કરનાર ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા ઉના તાલુકાની સરકારી શાળાઓમાં ઘટતા ઓરડાઓ બાબતે રાજ્ય સરકારમાં અસરકારક અને સંવેદનશીલ રજૂઆત કરતા સરકાર દ્વારા મંજૂર કરાયેલ ઉના તાલુકાની શાળાના અધતન ઓરડાઓ બનાવવા મંજુરી આપતા ઉના તાલુકાના દાંડી પ્રાથમિક શાળામાં રૂા. ૪૫.૭૦ લાખના ખર્ચે ૫ ઓરડાઓ તથા સેંજલીયા પ્રાથમિક શાળામાં રૂા.૪૫.૭૦ લાખના ખર્ચે ૫ ઓરડાઓ તેમજ ખત્રીવાડા ગામની પ્રાથમિક શાળામાં રૂા.૬૩.૯૮ લાખના ખર્ચે ૭ નવા બનનાર શાળાના ઓરડાઓનું ખાતમુહૂર્ત તેમજ ખજુદ્રાના ગ્રામજનોની લાંબા સમયની માંગણી ધ્યાને લઈ ખજુદ્ર ગામે નરેગા યોજના હેઠળ રૂા.૧૨.૪૦ લાના ખર્ચે બનનાર મેટલ રોડનું ભુમિ પુજન ગઈકાલ તા.૫/૫/૨૦૨૩ને શુક્રવાર સવારના ૯:૩૦ કલાકે યોજાયો હતા. આમ કુલ રૂા,૧.૬૭ કરોડના વિકાસ કામો ખાતમુહૂર્ત ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઉના તાલુકા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો દરેક ગામના સરપંચો, શક્તિ કેન્દ્રના સંયોજક, પ્રભારીઓ અને બુથ પ્રમુખો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# સમાજનાં માનસિક દિવ્યાંગ બાળકોની સાર-સંભાળ કરી તેમને સાચવવાની આપણી સામાજીક ફરજ છે : મગનભાઈ પટેલ





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૬

અમદાવાદના સરખેજ ખાતે વર્ષ ૧૯૯૮થી કાર્યરત માનસિક દિવ્યાંગબાળકોની નિવાસી તથા ડે-કેર સંસ્થા "ચિન્મય" જેના સ્થાપક તથા મેનેજીંગ ટ્રસ્ટી ૮૩ વર્ષીય ડો.ગર્ગભોગીલાલ શુક્લ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ભારતીબેન શુક્લના સાનિધ્યમાં આજે લગભગ ૪૦થી પણ વધારે ટોયલેટ અનટ્રેઈન્ડ મનોદિવ્યાંગ બાળકો તાલીમ લઈ રહ્યા છે,જયારે ૨૫૦ જેટલી અરજીઓ પ્રતિક્ષા યાદીમાં છે.શામ સેવા ફાઉન્ડેશનનાં પ્રમુખ અને ઉદ્યોગપતિ મગનભાઈ પટેલ ચિન્મય સંસ્થાને ચલાવવા નાના-મોટા ફંડ ભેગા કરીને ઉપયોગી બન્યા છે.

તાજેતરમાં સંસ્થાનાં બાળકો સાથે યોજાયેલ એક કાર્યક્રમમાં મગનભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજનાં માનસિક દિવ્યાંગ બાળકોની સાર-સંભાળ કરી તેમને સાચવવાની આપણી સામાજીકફરજ છે.આ સંસ્થામાં બાળકોનાં પુનઃસ્થાપન માટે તબીબી તથા મનોચિકિત્સક નિદાન, ઉપચાર અને સારવાર, સ્પીચ થેરાપી,સેલ્ફ કેરની તાલીમ તેમજ શૈક્ષણિક,વ્યવસાયિક તથા સામાજીકતાની તાલીમ આપવામાં આવે છે.માનસિક દિવ્યાંગ બાળકો કે જેઓ પોતાની રોજિંદી અને નૈસર્ગીક ક્રિયાઓ જેવી કે સંડાસ-બાથરૂમ, નહાવું, કપડાં પહેરવા,બ્રશ કરવું તથા જમવા સહીતની આપમેળે કરી શકતા નથી. આ સંજોગોમાં માનસિક દિવ્યાંગ બાળકોને ખાસ તાલીમ આપી સમાજનાં મુખ્ય પ્રવાહમાં લાવવાનું ખુબ જ મુશ્કેલ પરંતુ અતિ મહત્વનું બની જાય છે. આ સંસ્થાને સમાજ સુરક્ષા વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં મળેલ ત્રણ બાળકો જેમાં કાલુપુર રેલવે સ્ટેશનથી આઠ વર્ષનો અર્જુન, એસ.ટી. સ્ટેન્ડથી દશ વર્ષનો કમલ અને ચિલ્ડ્રન હોમ તરફથી મળેલ ૬ વર્ષીય વેદ નામનું ત્રીજું બાળક જેની ચિન્મય સંસ્થા દ્વારા દેખભાળ કરવામાં આવી રહી છે.આ ત્રાણેય બાળકો તેમજ અન્ય મનોદિવ્યાંગ બાળકોની ચિન્મય સંસ્થા ખાતે મગનભાઈ પટેલ, તેમનાં પત્ની શ્રીમતી શાંતાબેન પટેલ અને પરિવારના સભ્યોએ મુલાકાત લઈ બાળકોને શ્રીમતી શાંતાબેન પટેલે પોતાનાં હાથે જમાડી જણાવ્યું હતું કે, “સમાજનાં માનસિક દિવ્યાંગ બાળકો કે જેનું આ દુનિયામાં કોઈ નથી તેની સેવા-ચાકરી અને માવજત કરવી એ જ સાચી ઈશ્વરીય ભક્તિ છે.આ એક મંદિરના નિર્માણ કરવા બરાબર ધર્મકાર્ય છે”.

# ખંભાળિયાની ઘી નદીમાંથી ગાંડીવેલના કાયમી નિકાલ માટે અંડર ગ્રાઉન્ડ ગટરનું આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૬



ખંભાળિયાના પાદરમાંથી પસાર થતી અને અનેક બોર-કુવાઓના પાણીના જથ્થાને જીવંત રાખતી મહત્વની એવી ઘી નદી છેલ્લા ઘણા સમયથી ખૂબ જ ગંદી ગોબરી બની રહી છે. જેના મુખ્ય કારણરૂપ આ નદીમાં ફેલાયેલી ગાંડીવેલ તેમજ લાંબા સમયથી તેનો નિકાલ કરવામાં ન આવતા આ આશીર્વાદરૂપ નદી જાણે ગંદી ગટર બની ગઈ હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે. ખંભાળિયાના ઘી ડેમમાંથી નીકળી અને રામનાથ મંદિર, રામનાથ સોસાયટી થઈ અને ખામનાથ સુધી વિસ્તરેલી ઘી નદીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઉગી નીકળતી ગાંડીવેલ નદીના જળને પ્રદૂષિત કરી દુર્ગંધ તથા મચ્છરનું ઉત્પતિ કેન્દ્ર બની રહી છે. જે અંગે લોકોના રોષ તેમજ અખબારી અહેવાલોના પગલે સ્થાનિકો દ્વારા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાને રજૂઆત કરવામાં આવી હતી. આ નદીમાં ભાળતા ગટરના ગંદા પાણીના કારણે પ્રદૂષિત પાણીમાં ગાંડીવેલ ઉગી નીકળે છે. જેથી આ નદીમાં ગટરનું ગંદુ પાણી ન ભળે અને નદી પ્રદુષિત ન થાય તે માટે રાજયમંત્રી મુળુભાઈ બેરા દ્વારા અહીં ખાસ ટીમ મોકલી અને સર્વે અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઘી નદીમાં ગટરનું ગંદુ પાણી ન ભળે તો ગાંડી વેલના ઉગવાના પ્રશ્નનું કાયમી નિરાકરણ આવે તે અંગે ખંભાળિયા નગરપાલિકા દ્વારા રાજકોટ નિયામકને પણ રજૂઆત કરવામાં આવી હતી. આમ, આ મહત્વના પ્રશ્નના હાલ માટે અંડરગ્રાઉન્ડ ગટર બનાવવામાં આવે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ખંભાળિયાના વતની અને રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી દ્વારા પણ ગાંડીવેલના મુદ્દે અહીંના ધારાસભ્ય મુળુભાઈ બેરાને સૂચન કરવામાં આવ્યું હતું.

# સુત્રાપાડા સ્વામિનારાયણ સંસ્થા દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૬



ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા નગરમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા નવ નિર્મિત મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો મહોત્સવ તારીખ ૧૦ /૫ /૨૦૨૩ બુધવારનાં દિવસે વિશ્વ શાંતિ મહાયજ્ઞ સાથે સાથે બપોરના ગીર સોમનાથ જિલ્લાનું વિરાટ મહિલા સંમેલન અને બપોરના ૪ થી ૭ વાગ્યા સુધી ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા સુત્રાપાડાના રાજમાર્ગ ઉપરથી પસાર થશે અને તારીખ ૧૧/ ૫/ ૨૩ ગુરૂવારના દિવસે ભગવાન સ્વામિનારાયણ રાધાકૃષ્ણ, હનુમાનજી, ગણપતિની મૂર્તિનું વેદોકત વિધિથી પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ બે દિવસ સુધી બીએપીએસ સંસ્થાના વિદ્વાન સંતોના સાનિધ્યમાં ઉજવાશે તો સુત્રાપાડાપંથક તમામ ભક્તભાવિકોને ભાવભર્યું નિમંત્રણ પાઠવી રહ્યા છે. આ કાર્યક્રમ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢ થી પૂજય અખંડચિંતન સ્વામી અને પૂજય પરમ નિલય સ્વામી અને સાથે જૂનાગઢ મંદિરના કોઠારી ધર્મવિનયદાસની દેખરેખ નીચે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

# શૈક્ષણિક પરિણામોને સ્વીકારીએ અને શીખીએ

**શિક્ષણ સંવેદના**
**ડો.હેતલ એસ.નેનુજી**

તાજેતરમાં ગુજરાત બોર્ડ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આવ્યું અને હવે ક્રમશઃ પરિણામો આવવાનું શરૂ રહેશે. ત્યારે અહીં વિદ્યાર્થીઓના પરિણામોની અસરવિદ્યાર્થીઓ પર વાલીઓ ઉપર તો થાય જ છે પણ એની અસર સમાજ ઉપર પણ જોવા મળે છે. સફળતા મેળવવી જેટલી સહેલી છે તેના કરતાં નિષ્ફળતાને પચાવીને ફરી રેસમાં ઊભા રહેતા શીખવું એટલું અઘરૂ છે પણ હાઈનપોસિબલ નથી મિત્રો ખરી કેળવણી એજે વાસ્તવિકતા નો સ્વીકાર કરી, ભૂલો અનુભવોમાંથી કંઈક શીખવે છે. આમ શૈક્ષણિક જગતને લગતી પરીક્ષા જીવનની પરીક્ષા નથી એ વિદ્યાર્થીઓએ અને વાલીઓએ સમજવું રહ્યુ. અહીં મને કોઈ કવિની પંક્તિ યાદ આવે છે ‘ સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી’

આ પંક્તિમાં કવિએ હાથમાં દેખાતી રેખાઓના આધારે જીવનમાં સફળતા શોધવાનો પ્રયત્ન કરતા પારબ્ધવાદીઓ ઉપર કટાક્ષ કર્યો છે. જગતમાં અનેક માણસો એવા છે જેમ માને છે કે પારબ્ધમાં સુખ, સમૃદ્ધિ, સફળતા લખાયા હશે તો મળશે, તેઓ ભાગ્યોદયની રાહ જોતા નિષ્ક્રિય બેસી રહે છે. તેમની આ સંકુચિત વિચારસરણીને પડકારતા કવિ કર્મનું અને પુરૂષાર્થનું મહત્વ સમજાવે છે જેમ કોઈ આર્કિટેકને કોઈ ઈમારત બનાવવા માટે એનું ચણતર કરવું પડે છે એ માટે પુરૂષાર્થ કરવો પડે છે કેવળ હસ્તરેખા ઉપર ભરોસો રાખીને બેસવાથી સફળતા મળતી નથી. આમ નિષ્ફળતા એક કામ ચલાવ સ્થિતિ છે જે વ્યક્તિને પોતાના પ્રયત્નો સુધારવાની કે મઠારવાની વધુ એક તક આપે છે.

પરીક્ષાના પરિણામો જે આવે એને ખેલદિલીથી સ્વીકારો અને સફળ થયા હોય તો ચોક્કસ દિશા નક્કી કરો આગળ શું કરવું ? કેવા કેવા સ્કોપ છે ? રોજગારીના અને જો નિષ્ફળ થયા હોય તો નિરાશ થયા વગર ફરીથી ઝંપલાઓ અને પોતાની જાતને કહો “પડી જાઉં છું એટલે માની ના લેશો કે નિષ્ફળ છું. હું ફરી ઉભો થઈ શકું એટલો સફળ છું હું.” સફળ થવાનું કોઈ રહસ્ય નથી સફળતા સારી તૈયારી, આ મહેનત અને ભૂલોથી બોધપાઠ લેવાનું પરિણામ છે.જો કોઈ વ્યક્તિની અંદર આત્મવિશ્વાસ છે. તો એ શક્તિ તેને પોઝિટિવ બનાવે છે. આપણને પોઝિટિવિટીના કારણે સફળતા મળે છે. આપણે સફળ થશું કે નહીં તે આપણી તૈયારીઓ ઉપર નિર્ભર કરે છે. જો આપણે યોગ્ય રીતે તૈયારી કરીશું, પોઝિટિવ વિચાર સાથે યોજના બનાવીશું અને આકરી મહેનત કરીશું તો આપણને સફળતા ચોક્કસ મળશે. નકારાત્મક વિચારોથી બચવા ઈચ્છો છો તો આત્મવિશ્વાસ જાળવી રાખવો જરૂરી છે. આત્મવિશ્વાસથી વ્યક્તિના વિચાર પોઝિટિવ બને છે.

આદર, સંપતિ અને શક્તિ અકસ્માતે રળ્યા વગર તથા નિમંત્રણ વગર ક્યાંય પણ મળી શકે છે. જો તમને તમારા પોતાનામાં શ્રદ્ધા કે વિશ્વાસ હોય તો ગાંધીજી છેક સુધી સત્ય અને અહિંસાના માર્ગે ચાલ્યા કેમકે તે પોતાનામાં વિશ્વાસ રાખતા, ધીરૂભાઈ અંબાણી એક પેટ્રોલ પંપ ઉપર નોકરી કરતા આજ રિલાયન્સના સ્થાપક છે. આવી જ રીતે દસ હજાર પ્રયત્નોમાં નિષ્ફળતા મળ્યા બાદ થોમસ એડિસનને બલ્બ બનાવવામાં સફળતા મળી હતી, બિલ ગેટ્સને કોઈ પરિચયની જરૂર નથી મિત્રો. બિલ ગેટ્સ કહે છે ‘મેં મારૂ ભણતર અધૂરૂ છોડી દીધું હતું હું ગ્રેજ્યુએટ પણ નથી’ આમ છતાં ભણેલાઓ એને ત્યાં નોકરી કરે છે. સદીના મહાનાયક બોલીવુડ બાદશાહ અમિતાભ બચ્ચન પોતાના ભારે અવાજના કારણે ઓલ ઈન્ડિયા રેડિયોની નોકરીના ઈન્ટરવ્યૂમાં રિજેક્ટ થયા હતા. જ્યારે અહીં આલ્બર્ટ આઈન્સ્ટાઈનની યાદ આવે છે, શિક્ષકોએ આલ્બર્ટ આઈન્સ્ટાઈનને ખૂબ જ ધીમો અને માનસિક રીતે અપંગ ગણતા હતા તેઓ ચાર વર્ષ સુધી કંઈ બોલી શક્યા નહીં અને સાત વર્ષ સુધી કંઈ વાંચી પણ શકતા નહીં પણ ત્યાર પછી નોબલ પારિતોષિક વિજેતા બને છે. ફોટો ઈલેક્ટ્રોનિક ઈફેક્ટ, સાપેક્ષતાનો સિદ્ધાંત આપીને પોતાની બુદ્ધિ માતાનો પરિચય આપ્યો. દુનિયામાં ખૂબ વંચાતી જે. કે. રોલિંગની હેરી પોટર બુક ૧૨ જેટલા પ્રકાશકોએ રિજેક્ટ કરી હતી.

આ માન્યે કે નિષ્ફળતા એ સફળતાનો જ એક ભાગ છે તો જિંદગીમાં આપણને સફળ થતાં કોઈ રોકી શકે નહીં. ઈંગ્લિશમાં પણ કહેવાય છે કે ‘નેવર ગીવ અપ’ એટલે કે કોઈ દિવસ મુશ્કેલીઓથી ભાગવું નહીં મુશ્કેલીઓનો સામનો કરવો જોઈએ સફળતા એક દિવસમાં નથી મળતી પણ કોશિશ કરવાથી જરૂર મળે છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# સમલૈંગિક લગ્નને માન્યતા આપવાથી પારીવારિક સંસ્થા ઉપર તોળાતો ખતરો

ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી સમલૈંગિક લગ્નનો અંગે સુપ્રીમ કોર્ટમાં ચાલતો મામલો જનસમુદાયમાં વિરોધ સાથે ચર્ચાનું કારણ બન્યો છે. કેટલાક દેશોમાં ભલે સમલૈંગિકતાને કાનૂની માન્યતા મળી છે પરંતુ દુનિયાભરની સંસ્કૃતિઓ અને ધર્મ તેને સહજ ભાવથી સ્વીકારી શકતા નથી. તેનું કારણ સદીઓથી ચાલી આવતી વિચારધારા છે. સ્થિતિ એ છે કે જે દેશોમાં સમલૈંગિવકતાને વૈધાનિક દરજજો હાંસલ થઇ ગયો છે ત્યાં પણ તેને વ્યાપક સામુદાયિક અને સામાજીક સ્વીકાર્યતા મળી રહી નથી.

સંસ્કૃતિ અને ધર્મને લઇને ભારતમાં વિશેષ પ્રકારનો પવિત્ર ભાવ જોવા મળે છે. દિલ્હી અને મુંબઇ જેવા મોટા શહેરોમાં ભલે એલજીબીટીકયૂ (સમલૈંગિક) સમુદાયના સમર્થનમાં પ્રદર્શન થઇ રહ્યા છે પરંતુ નાના શહેરો, ગામોમાં આ સમર્થન અંગેની નાની વાત સુદ્ધાં પહોંચી શકી નથી. તેનું કારણ એ છે કે સમલેંગિક લગને વૈધાનિક દરજજો આપવાની માંગ કરતી અરજી પર કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલ તર્કબદ્ધ દલીલોને વ્યાપક જનસમર્થન મળી રહ્યું છે.

ભારત સરકાર દ્વારા બે પ્રકારે આ માંગને ખારિજ કરવાની કોશિશ કરી છે. એક તરફ આ મામલે સુનાવણી અંગે સુપ્રીમ કોર્ટના અધિકાર પર સવાલ કર્યા છે તો બીજી તરફ સમલૈંગિકતાના વિચારને શહેરી સંભ્રાત વિચારધારા ગણાવ્યો છે. ભારતમાં શહેરી આચારવિચાર સામે ગ્રામીણ બૌદ્ધિકતામાં હંમેશા સંદેહનો ભાવ રહ્યો છે. આ કારણોસર શહેરી બાબતોની સ્વીકાર્યતા આજે પણ મોટાભાગના લોકોમાં નથી. કદાચ આ જ કારણે કેન્દ્ર સરકારે રજૂ કરેલ દલીલોને નતો ફકત વ્યાપક સમર્થન સાંપડતું જોઇ શકાય છે પરંતુ વકીલોની પ્રતિનિધિ સભા બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા પણ સરકારના સમર્થનમાં આવી ગઇ છે.

બાર કાઉન્સિલે પ્રસ્તાવ પારિત કરતા કહયું હતું કે, દેશની સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતાને જોતા આ મુદ્દાને સંસદ પર છોડવો જોઇએ. કાઉન્સિલના પ્રસ્તાવમાં કહેવાયું છે કે, કોઇપણ એવો મામલો, જેનાથી મૌલિક સામાજીક સંરચનાથી છેડછાડની આશંકા હોય અથવા જે દેશના સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિશ્વાસ પર દૂરોગામી પ્રભાવ ઉભો કરી શકતા હોય તો તેના પર અનિવાર્યરૂપે ફકત સંસદીય પ્રકિયા દ્વારા જ વિચાર કરવો જોઇએ.

પ્રસ્તાવમાં એમપણ કહેવાયું છે કે, આ પ્રકારના સંવેદનશીલ મામલામાં સુપ્રિમ કોર્ટનો કોઇપણ નિર્ણય દેશની આવનારી પેઢીઓ માટે નુકસાનદાયક સાબિત થઇ શકે છે.

વર્ષ ૨૦૧૬માં જયારે સુપ્રીમ કોર્ટે સમલૈંગિકતાને અપરાધ શ્રેણીમાંથી બહાર કાઢયું ત્યારે ધાર્મિક અને સાંસ્કૃતિક સંસ્થાઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો ન હતો. અલબત્ત સમલૈંગિક સંબંધોને અંગત મામલો માનવામાં આવ્યો હતો. પરંતુ હવે જયારે લગદ્ધ અંગેની મંજૂરીનો સવાલ આવ્યો ત્યારે વિરોધ ઉભરીને બહાર આવ્યો છે. ભાજપના મામલે માનવામા આવે છે કે, તે ભારતીય પરંપરાઓમાં વિશ્વાસ કરે છે. જેથી પોતાના સમર્થક આધાર અને આ મામલે કથિત આધુનિક વલણ અપનાવવાના બદલે પારંપારિક અવધારણાઓ અનુરૂપ નિર્ણય લેવાનું દબાણ પણ અનુભવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટની સંવિધાન પીઠ સમક્ષ રજૂ કરાયેલ સરકારની દલીલો સાથેનું નામાંકન સંભવતઃ આ દબાણનું કારણ છે.

સમલૈંગિકતાને વૈધાનિક દરજજો આપવાની માંગ સાથે વિરોધીઓનો તર્ક છે કે જે પ્રકારે પશ્ચિમી દેશોમાં અગાઉ સમલૈંગિકતાને માન્યતા અપાઇ હતી, ફરી ચાઇલ્ડ સેકસની વય ઘટાડવામાં આવી હતી તે મુજબ ભારતમાં પણ થઇ શકે છે. આ ભારતના સામાજીક જનજીવન પર વ્યાપક પ્રભાવરુપ સાબિત થઇ શકે છે. વિરોધીઓનો એ પણ તર્ક છે કે, ભારતે સેકસના મોટા બજારમાં બદલવાની કોશિશનું આગલું પગલું સમલૈંગિક લગ્નોને માન્યતા અપાવવાનું છે. તેઓનું કહેવું છે કે, જો આ શકય બનશે તો પરિવાર વિઘટન વધશે. પરંતુ સમલૈંગિકતાના સમર્થકો અને તેમનો સાથ આપનાર આધુનિક બૌદ્ધિકતા આ વાતોને સાવ ખારિજ કરવાનું જ મન મનાવી રહી છે.

### નર્સિંગ બોગસ સર્ટિફિકેટ કાંડ

# અમદાવાદમાં હજારો વિદ્યાર્થિનીઓના ભવિષ્ય સાથે ચેડાં કર્યાનો પર્દાફાશ

## શ્રીજી પેરામેડિકલ કોલેજના ડાયરેક્ટરે બેંગલોરની મેડિકલ કોલેજમાં એડમિશનનું કહી ૫ લાખ પડાવ્યા

અમદાવાદ, તા.૬

અમદાવાદમાં નર્સિંગ કોલેજમાં એડમિશન અપાવવાનું કહીને મહિલા પાસેથી ૫ લાખ રૂપિયા પડાવી લેનાર શ્રીજી પેરામેડિડકલ કોલેજના ડાયરેક્ટર વિરુદ્ધ ક્રાઇમ બ્રાંચમાં ગુનો દાખલ થયો છે. બેંગલોરની મેડિકલ કોલેજમાં એડ?મિશન થઇ ગયું છે તેમ કહીને ડાયરેક્ટરે ૫ લાખ રૂપિયા પડાવ્યા હતા અને બાદમાં બોગસ સર્ટિફિકેટ પણ આપ્યાં હતાં. આ ઘટના સામે આવ્યા બાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ એ શ્રીજી પેરામેડિકલ કોલેજની વિદ્યાર્થિનીઓનો ડેટા મેળવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોલેજના ડાયરેક્ટરે હજારો વિદ્યાર્થિનીઓના ભવિષ્ય સાથે ચેડાં કરી બોગસ સર્ટિફિકેટ પધરાવી દીધાં હોવાનો પર્દાફાશ પણ થઈ શકે છે. SOGમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા કલ્પેશભાઇએ ક્રાઇમ બ્રાંચમાં શ્રીજી પેરામેડિકલ કોલેજના ડાયરેક્ટર રાકેશ પટેલ અને મૌલિક રામી વિરુદ્ધ ચીટિંગની ફરિયાદ કરી છે. નરોડા વિસ્તારમાં આવેલી શિવાલય સોસાયટીમાં રહેતાં કિલ્પાબહેન પંચાલે SOGમાં અરજી કરી હતી કે તે નરોડા ખાતે આવેલી રીધમ હોસ્પિટલમાં રિસેપ્શન કાઉન્ટર પર નોકરી કરતાં હતાં ત્યારે શ્રીજી પેરામેડિકલ કોલેજમાંથી વિદ્યાર્થીઓ પ્રેક્ટિસ માટે આવતા હતા. વિદ્યાર્થીની સાથે ક્યારેક ડાયરેક્ટર રાકેશ પટેલ પણ આવતા હતા, જેથી કિલ્પાબહેનનો સંપર્ક થયો હતો.

આ તરફ કિલ્પાબહેનને ગવર્નમેન્ટ નોકરી કરવાની ઈચ્છા હોવાથી તેમણે નર્સિંગના કોર્સ માટે રાકેશ પટેલને વાત કરી હતી. રાકેશ પટેલે તેમની શ્રીજી પેરામેડિકલ કોલેજમાં એડમિશન મળી જશે તેવું કહ્યું હતું. કિલ્પાબહેન ધોરણ-૧૨માં હિન્દી ભાષા સાથે પાસ થયાં હોવાથી રાકેશ પટેલે તેમને બેંગલોર ખાતેથી નર્સિંગ કોર્સની પરીક્ષા આપવાની થશે તેમ જણાવ્યું હતું. રાકેશે પરીક્ષા આપવાના તેમજ કોર્સના સાડા ૩ લાખ રૂપિયા થશે તેમ કહીને કિલ્પાબહેનને ઓરિજિનલ ડોક્યુમેન્ટ સાથે વસ્ત્રાલ ખાતે આવેલી સરદાર વોકેશનલ એજ્યુકેશનની ઓફિસે બોલાવ્યાં હતાં. કિલ્પાબહેન ડોક્યુમેન્ટ લઈને રાકેશની ઓફિસે પહોંચી ગયાં હતાં, જ્યાં તેમને એડ?મિશન આપી દીધું હતું. કિલ્પાબહેન અને રાકેશના પારિવા?રિક સંબંધ બંધાયા હતા.

પરીક્ષા આપવા માટે બેંગલોર જવાનું હોવાથી કિલ્પાબહેને ૧૫ દિવસની રજા હોસ્પિટલ પાસે માગી હતી. હોસ્પિટલે રજા આપવાનો ઈનકાર કરી દેતાં કિલ્પાબહેને રાકેશને ફોન કરીને કહ્યું હતું, જેથી રાકેશે કિલ્પાબહેનને જણાવ્યું હતું કે સાડા ૩ લાખ રૂપિયાથી વધુ ખર્ચ થશે, પરંતુ તમામ પેપરો ઘરે બેસીને આપવાનાં રહેશે. કિલ્પાબહેને રાકેશની વાત માની લીધી હતી, જેથી ક્યારેક રાકેશ ઘરે પેપર આપતો તો ક્યારેક હોસ્પિટલમાં પેપર આપતો હતો. રાકેશ પેપર લખવા માટે બુક પણ કિલ્પાબહેનને આપતો હતો.

નર્સિંગના ત્રણ વર્ષના કોર્સમાં કિલ્પાબહેને ઘેરબેઠાં પરીક્ષા આપી છે. રાકેશે કિલ્પાબહેનને વિશ્વાસમાં લઈને ટુકડે-ટુકડે પાંચેક લાખ રૂપિયા પડાવી લીધા હતા. કિલ્પાબહેનનું નર્સિંગનું જીએનસીમાં રજિસ્ટ્રેશન પણ રાકેશે કરાવ્યું નહીં, જેથી તેમના સંબંધોમાં તિરાડ પડી ગઈ હતી. રાકેશે નર્સિંગના બોગસ ડોક્યુમેન્ટ પણ બનાવી લીધા હતા અને બાદમાં કિલ્પાબહેને તેનો ફોન નહીં ઉપાડતાં ઘરે આવીને એક્ટિવામાં તોડફોડ પણ કરી હતી. SOGએ કિલ્પાબહેનની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી અને બેંગલોરની કોલેજમાં પણ તપાસ કરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, કિલ્પાબહેનનું કોઇ એડમિશન થયું નથી. રાકેશ પટેલ અને તેના ભાગીદાર મૌલિક રામીએ કિલ્પાબહેનને નર્સિંગનાં બોગસ સર્ટિફિકેટ આપતાં ફરિયાદ નોંધાઈ છે.

### ઘૂસણખોર ‘ડ્રેગન’એ ફરી જૂની સ્ક્રિપ્ટ વાંચી

# ભારત-ચીન બોર્ડર ઉપર સ્થિતિ એકદમ સામાન્ય



નવી દિલ્હી, તા.૬

ભારત અને ચીનની સરહદ પર લગભગ ત્રણ વર્ષથી તણાવની સ્થિતિ છે. તણાવ ઓછો કરવા માટે સતત મંત્રણાઓ પણ થઈ રહી છે, પરંતુ આવી સ્થિતિ હજુ સુધી સર્જાઈ નથી, જેને સામાન્ય કહી શકાય. તે જ સમયે, ચીનના વિદેશ પ્રધાન ચિન કાંગે ફરી એક વાર પુનરોચ્ચાર કર્યો છે કે ભારત-ચીન સરહદ પર સ્થિતિ સામાન્ય છે. આવી સ્થિતિમાં બંને દેશોએ હાલમાં હાંસલ કરેલી સિદ્ધિઓને મજબૂત કરવી જોઈએ. સરહદ પર સ્થાયી શાંતિ માટે સંબંધિત કરારોનું ચુસ્તપણે પાલન કરવા પર ભાર મૂકવો જોઈએ. વાસ્તવમાં, જીર્ઝ માં વિદેશ મંત્રીઓ મળ્યા હતા. આ બેઠકની બાજુમાં, વિદેશ પ્રધાન એસ જયશંકર અને ચીનના સમકક્ષ ચિન કાંગ ગોવાના બેનૌલિમમાં મળ્યા હતા. આ મીટિંગ દરમિયાન ચીને ફરીથી ચીનનું એવું જ રૂઢ વલણ અપનાવ્યું અને કહ્યું કે ચીન-ભારત સરહદ પર સ્થિતિ સ્થિર છે. પૂર્વી લદ્દાખમાં ચાલી રહેલી સૈન્ય ગતિરોધને લઈને ચીન હંમેશા આ પ્રકારનું નિવેદન આપે છે. પરંતુ હજુ પણ સરહદ પર ચીન તરફથી સતત સૈનિકોની તૈનાતી કરવામાં આવી રહી છે. ચીનના વિદેશ મંત્રીએ કહ્યું કે બંને પક્ષોએ મહત્વપૂર્ણ સમજૂતીઓનો અમલ કરવો જોઈએ જેના પર બંને દેશોના નેતાઓ સંમત થયા હતા. વર્તમાન સિદ્ધિઓને મજબૂત બનાવવી જોઈએ અને કરાર દ્વારા અનુસરવું જોઈએ. સરહદ પર પરિસ્થિતિને ઠંડક આપવા અને સ્થાયી શાંતિ માટે ભાર મૂકવો જોઈએ. તેમ છતાં ચીન દ્વારા આવા નિવેદનો કરવામાં આવી રહ્યા છે. પરંતુ સરહદ પર સ્થિતિ અલગ છે. ક્યારેક તે પૂર્વ લદ્દાખમાંથી તેની ચાલ ચલાવે છે, તો ક્યારેક તે અરુણાચલ પ્રદેશમાંથી ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરે છે. બીજી તરફ વિદેશ મંત્રી એસ જયશંકરે પણ બેઠક બાદ જણાવ્યું કે બંને નેતાઓ વચ્ચે કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ. તેમણે ટ્વીટ દ્વારા જણાવ્યું કે વાતચીત દરમિયાન પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા અને સરહદ પર શાંતિ સ્થાપિત કરવા પર ચર્ચા થઈ. તેમણે કહ્યું કે ચીનના સ્ટેટ કાઉન્સેલર અને વિદેશ મંત્રી ચિન કાંગ સાથે દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા થઈ. પડતર પ્રશ્નોના નિરાકરણ અને સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવવા પર પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. મીટિંગ દરમિયાન ચીને ફરીથી ચીનનું એવું જ રૂઢ વલણ અપનાવ્યું અને કહ્યું કે ચીન-ભારત સરહદ પર સ્થિતિ સ્થિર છે વિદેશ મંત્રી જયશંકરે એમ પણ જણાવ્યું કે ચીનના સમકક્ષ સાથે SCO, G20 અને BRICSના મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ. તેણે પોતાના ટ્વિટર હેન્ડલ દ્વારા આ મીટિંગની તસવીરો પણ શેર કરી છે.

# ક્રાઈમ બ્રાંચે નશીલી કફ સિરપની ૫૭ હજારની ૩૯૦ બોટલો ઝડપી

અમદાવાદ, તા.૬ : અમદાવાદમાં નશીલા દ્વવ્યોની હેરાફેરીના અનેક બનાવો સામે આવી રહ્યાં છે. ત્યારે બજારમાં મળતી નશીલી કફ સિરપની બોટલો પણ પોલીસના હાથે ઝડપાઈ રહી છે. શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ઓઢવમાં એક દુકાનમાંથી ૫૭ હજારની કિંમતની ૩૯૦ કફ સિરપની બોટલો ઝડપી પાડવામાં આવી છે. તે ઉપરાંત ક્રાઈમ બ્રાંચે આ કફ સિરપનો વેપાર કરતા બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ક્રાઈમ બ્રાંચના કર્મચારીઓ જ્યારે પેટ્રોલિંગમાં હતાં ત્યારે તેમને ઓઢવ ગામ ત્રણ રસ્તા નજીક કડિયા નાકા ખાતે આવેલી વિનાયક પાવર ટુ નામની દુકાનમાંથી કોડિનનું ઘટક ધરાવતી કફ સિરપનું વેચાણ થતું હોવાની બાતમી મળી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મેઘાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.

- યજુર્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૧ મહર્ષી શ્રી નારદ જયંતિ તા.૬ મે ૨૦૨૩, શનિવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૫, વિશાખા નક્ષત્ર, વ્યતિપાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૨૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), બપોરે ૩:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.
વૃષભ: માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.
મિથુન: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.
કર્ક: પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
સિંહ: મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.
કન્યા: યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિક: વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
ધન: વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.
મકર: ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિકલાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.
મીન: આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.

# એરટેલ પેમેન્ટ બેંકમાંથી ચહેરો બતાવીને પૈસા ઊપાડી શકાશે




મુંબઈ, તા.૬

જો તમારું બેંક એકાઉન્ટ એરટેલ પેમેન્ટ બેંકમાં છે, તો બહુ જલદી તમે તમારો આધાર નંબર અને તમારો ફેસ-ચહેરો બતાવીને બેંકમાંથી પૈસા ઉપાડી શકશો. એરટેલ પેમેન્ટ્સ બેન્કે આ માટે નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે ટાઈઅપ કર્યુ છે, અને બેંક સાથે જોડાયેલ આધાર ઈનબેલ્ડ પેમેન્ટ સર્વિસ માટે ફેસ ઓથેન્ટિકેશનની શરૂઆત કરી છે. એરટેલ પેમેન્ટ બેન્ક આવી સેવા આપનારી દેશની ચોથી બેંક બની ગઈ છે. ખરેખરમાં, એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ લોકોને કોઈપણ બેંક પૉઈન્ટ પર ટ્રાન્ઝેકશન કરવાની અથવા આધાર કાર્ડ નંબર અને વર્ચ્યૂઅલ આઈડીની મદદથી નૉન -ફાઈનાન્સિયલ એક્ટિવિટી ઍકસેસ કરવાની મંજૂરી આપે છે. અત્યાર સુધી એરટેલ બેંકમાં પૈસા ઉપાડવા અથવા જમા કરવા માટે કસ્ટમર્સ તેને આધાર કાર્ડ નંબર, ફિંગરપ્રિન્ટ અથવા આંખનું વેરિફિકેશન વેલિડેટ કરવાનું પડતુ હતુ, પરંતુ હવે કસ્ટમર્સને બીજી સુવિધા મળશે અને તેઓ આધાર નંબર અને તેમના ફેસ-ચહેરા દ્વારા સરળતાથી ટ્રાન્ઝેક્શન કરી શકશે. આનાથી એવા લોકોને ફાયદો થશે જેમના ફિંગરપ્રિન્ટ્સ ઘણી વખત મેચ ન હતો થતા. એરટેલ પેમેન્ટ બેંકના સીઓઓએ કહ્યું કે, અમે ખુબ જ ખુશ છીએ કે અમે એનપીસીઆઈ સાથે ટાઈઅપ કર્યુ છે. એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ લોકોને ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ લોકોને પેમેન્ટને સિક્યૉર અને સરળ બનાવવામાં મદદ કરશે, જે ગ્રાહક અને બેંક બન્ને માટે સારા સમાચાર છે. એરટેલ પેમેન્ટ્સ બેંક શરૂઆતમાં આધાર ઈનેબલ્ડ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા નૉન-ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શનને કરવાની સુવિધા આપશે. જેમ કે તમે આની મદદથી મિની સ્ટેટમેન્ટ અને બેંક બેલેન્સ વગેરે ચેક કરી શકો છો. બીજા તબક્કામાં લોકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત સેવાઓ મળશે. સારી વાત એ છે કે એનપીસીઆઈની ગાઈડલાઈન હેઠળ એરટેલ પેમેન્ટ બેંક પોતાની બેંકમાં અન્ય બેંકના ગ્રાહકોને પણ આ ફેસિલિટી આપશે, એટલે કે જો તમારું બેંક એકાઉન્ટ એનપીસીઆઈ અંતર્ગત આવતી અન્ય બેંકમાં હશે, તો પણ તમે એરટેલ પેમેન્ટ બેંકમાંથી પૈસા ઉપાડી શકશો.

# કચ્છના અંતિમ રાજાની મૂર્તિ ભવ્ય પ્રાગમહલમાં મૂકાઈ

## પ્રાગ મહલ ખાતે કચ્છના અંતિમ રાજા પ્રાગમલજી ત્રીજાની જન્મજયંતિ નિમિતે તેમની મૂર્તિનું અનાવરણ, કચ્છની આન બાન શાનમાં વધારો થયો

કચ્છ, તા.૬

કચ્છના અંતિમ રાજા મહારાવ પ્રાગમલજી ત્રીજાની તિથિ મુજબની આજે જન્મ જયંતિ છે, ત્યારે દરબારગઢ ખાતે આવેલા પ્રાગમહલના આંગણામાં રાજાની ૮ ફૂટ ઊંચી અને ૪૫૦ કિલોની કાંસ્યની મૂર્તિનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સ્ટેચ્યુ ઓફ લિબર્ટી બનાવવા માટે જે સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે સામગ્રીથી આ મૂર્તિ બનાવવામાં આવી છે, જે ૫૦૦ વર્ષ સુધી અડીખમ રહેશે. ભુજના દરબારગઢ ખાતે આવેલ ૫ સદી પુરાણા પ્રાગ મહલ ખાતે કચ્છના અંતિમ રાજા પ્રાગમલજી ત્રીજાની જન્મજયંતિ નિમિતે તેમની મૂર્તિનું મહારાણી પ્રિતિદેવિના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. સાથે જ ૫૦૦ વર્ષ જૂના રાણીવાસનું જે પુનઃસ્થાપન કરવામાં આવી રહ્યું છે, તેના પ્રથમ ચરણને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. પ્રાગ મહલના પટાંગણમાં લાખોના ખર્ચે રાજાની ૮ ફૂટ ઊંચી, ૩.૫ ફૂટ પહોળી અને ૨ ફૂટ લંબાઈની મૂર્તિ છ આજે સ્થાપિત કરવામાં આવી છે.મહારાવ પ્રાગમલજી ત્રીજાની આ કાંસ્યની મૂર્તિ મૂળ કચ્છના અને હાલ વડોદરા ખાતે શિલ્પકાર તરીકે પોતાની કલાકારી કરતા રુદ્ર ઠાકર દ્વારા બનાવવામાં આવી છે. આ મૂર્તિ અંગે માહિતી આપતા શિલ્પકારે જણાવ્યું હતું કે, આ મૂર્તિની ખાસિયતની વાત કરવામાં આવે તો આ મૂર્તિની વજન ૪૫૦ કિલો જેટલું છે અને ખાસ કરીને તેનું આયુષ્ય છે, તે ૫૦૦ વર્ષ જેટલું છે. જેમ આ મૂર્તિને ખુલ્લામાં મૂકવામાં આવશે તેમ તેની શોભા વધશે અને આયુષ્ય વધશે. આ મૂર્તિને બનાવતા ૩ મહિના જેટલો સમય લાગ્યો હતો. તો આ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સ્ટેચ્યુ ઓફ લિબર્ટીમાં વપરાયેલ મટીરીયલમાંથી બનાવવામાં આવ્યું છે. જેને કોઈ પણ વાતાવરણમાં નુકસાની નહીં થાય. આ અગાઉ પણ શિલ્પકાર રુદ્ર દ્વારા મહારાવના નિવાસ સ્થાને તેમની મૂર્તિ બનાવવામાં આવી હતી, તો ભુજના આશાપુરા મંદિરમાં પણ એક યંત્ર તેના દ્વારા બનાવવામાં આવ્યું છે. રાજકુંવર ઈન્દ્રજિતસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, હાલ નરસિંહ જયંતિ છે અને મહારાવ પ્રાગમલજી ત્રીજાનો આજે તિથિ મુજબ જન્મદિવસ હતો અને જન્મદિવસના દિવસે ૩ જી મેં ૨૦૨૧ના મહારાવને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ૨૫ દિવસ તેઓ હોસ્પિટલમાં હતા. પણ આપણે એમને તમામ પ્રયાસો ઉર્વા છતાંય અમર રાખી શક્યા ન હતા. ત્યારે મહારાણી સાહેબે નિર્ણય લીધો કે મહારાવે જે કામ કચ્છ માટે કર્યા છે તેના માટે એમની એક પ્રતિમા બધી જગ્યાએ હોવી જોઈએ. તો સૌથી પહેલું પ્રતિમા રણજીત વિલાસમાં નરસિંહ જયંતિ ૨૦૨૨માં સ્થાપિત કરવામાં આવી તો આજે ૨૦૨૩ માં દરબારગઢ ચોકમાં તેનું અનાવરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત જન્માષ્ટમી ૨૦૨૩ના વિજયરાજ બાવાનો જન્મદિવસ છે ત્યારે માંડવીના વિજ્યરાજ પેલેસ ખાતે પ્રાગમલજી ત્રીજા અને વિજયરાજ બાવાની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૧માં આવેલા ગોઝારા ભૂકંપમાં અનેક ઐતિહાસિક ઈમારતો જર્જરિત થઈ હતી. આવી જર્જરિત ઈમારતોને ફરીથી તેના મૂળ સ્થાપત્ય સુધી લઈ જવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ૫૦૦ વર્ષ જૂના દરબારગઢમાં રાણીવાસનું કોઈ પણ જાતના સિમેન્ટના ઉપયોગ કર્યા વગર પુનઃસ્થાપન કરવામાં આવી રહ્યું છે અને એનું પણ સમારકામ મહારાણી સાહેબના આશીર્વાદથી શરૂ કરવામાં આવ્યુંછે.


### મીડિયાની સ્વતંત્રતાની સ્થિતિ દેશમાં સાવ તળિયે ગઈ

# પ્રેસ ફ્રીડમ ઇન્ડેક્સમાં ભારત વધુ ૧૧ ક્રમાંક નીચે ગગડ્યું : હવે ૧૮૦ દેશોમાંથી ૧૬૧માં ક્રમે

નવીદિલ્હી, તા.૬

રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) એ ૩ મે ના રોજ તેના વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સની ૨૧મી આવૃત્તિ બહાર પાડી અને તેમાં ભારત માટે ખરાબ સમાચાર છે. ૧૮૦ દેશોમાંથી પ્રેસસ્વતંત્રતાના સંદર્ભમાં ભારત ૧૬૧મા ક્રમે સરકી ગયું છે જે ૨૦૨૨ કરતા ૧૧ ક્રમાંક વધુ નીચે છે, એ સમયે ભારત ૧૫૦ ક્રમે હતો. આમ ભારત એવા ૩૧ દેશો પૈકી છે જેના માટે RSF માને છે કે ત્યાં પત્રકારોની સ્થિતિ ખૂબ જ ગંભીર છે. શા માટે ભારતને આ રીતે વર્ગીકૃત કરવામાં આવ્યું છે તે વિશેની તેની શરૂઆતની ટિપ્પણીમાં RSF જણાવે છે કે, પત્રકારો સામેની હિંસા, રાજકીય રીતે પક્ષપાતી મીડિયા અને મીડિયાની માલિકી એ દર્શાવે છે કે વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં પ્રેસ સ્વતંત્રતા સંકટમાં છે. વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં પાંચ ચલોનો સમાવેશ થાય છે, જેના દ્વારા આ સ્કોર્સની ગણતરી કરવામાં આવે છે અને એ પછી દેશોને ક્રમ આપવામાં આવે છે. આ પાંચ, રાજકીય સૂચક, આર્થિક સૂચક, કાયદાકીય સૂચક, સામાજિક સૂચક અને સુરક્ષા સૂચક છે. ભારત માટે સૌથી વધુ ચિંતાજનક રીતે પતન સુરક્ષા સૂચક શ્રેણીમાં છે, જ્યાં ભારતનો ક્રમ ૧૭૨ છે. આનો અર્થ એ છે કે, આ પેરામીટર પર ૧૮૦માંથી માત્ર આઠ દેશો ભારત કરતાં ખરાબ રેન્કધરાવે છે. ચીન, મેક્સિકો, ઈરાન, પાકિસ્તાન,ા સીરિયા, યમન, યુક્રેન અને મ્યાનમાર સિવાય વિશ્વમાં પત્રકારોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના સંદર્ભમાં ભારત અન્ય તમામ કરતા ખરાબ સ્થિતિમાં છે. મ્યાનમાર સૌથી નીચે છે.

સુરક્ષા સૂચકમાં, શારીરિક નુકસાન, માનસિક અથવા ભાવનાત્મક તકલીફ અથવા વ્યવસાયિકનુકસાન, બિનજરૂરી જોખમ, પત્રકારત્વની પદ્ધતિઓ અને નીતિશાસ્ત્ર અનુસાર સમાચાર અને માહિતીને ઓળખવી, એકત્ર કરવી અને પ્રસારિત કરવાની ક્ષમતા અને નોકરી ગુમાવવી, વ્યાવસાયિક સાધનોની જપ્તી અથવા મીડિયા સ્થાપનોની તોડફોડનું મૂલ્યાંકન કરવામાં આવે છે. મીડિયા આઉટલેટ્સમાં માલિકીમાં ટાઈમ્સ ગ્રૂપ, એચટી મીડિયા લિમિટેડ, ધ હિંદુ ગ્રુપ અને નેટવર્ક૧૮ સહિત રાષ્ટ્રીય સ્તરે માત્ર અમુકમીડિયા કંપનીઓછે. દેશની અગ્રણી ભાષા હિન્દીમાં ચાર દૈનિકો ત્રણ ચતુર્થાંશ વાચકો ધરાવે છે. સ્થાનિક ભાષાના પ્રકાશનો જેમ કે કોલકાતાની બંગાળી ભાષાના આનંદબજાર પત્રિકા, મરાઠીમાં પ્રકાશિત થતા મુંબઈ સ્થિત દૈનિક લોકમત અને દક્ષિણ ભારતમાં વિતરિત મલયાલા મનોરમા માટે પ્રાદેશિક સ્તરે વધુ જોવા મળે છે. પ્રિન્ટ મીડિયામાં માલિકી ટીવી સેક્ટરમાં NDTV જેવા મોટા ટીવી નેટવર્ક સાથે પણ જોઈ શકાય છે. રાજ્યની માલિકીની ઓલ ઈન્ડિયા રેડિયો (એઆઈઆર) નેટવર્ક તમામ ન્યૂઝ રેડિયો સ્ટેશનોની માલિકી ધરાવે છે. આ કંપનીઓ અને મોદી સરકાર વચ્ચે પરસ્પર લાભદાયી સંબંધો હોવાના કારણે આ સ્થિતિ વધુ ખરાબ છે, તેનું મુખ્ય ઉદાહરણ મુકેશઅંબાણીની આગેવાની હેઠળનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જૂથ છે, જે મોદીના અંગત મિત્ર છે, જેઓ ૭૦ મીડિયા આઉટલેટ્સ કરતાં વધુની માલિકી ધરાવે છે. તેવી જ રીતે, ૨૦૨૨ના અંતમાં ગૌતમ




અદાણી દ્વારા NDTV ચેનલનું ટેકઓવર પણ મુખ્ય છે, તેઓ પણ નરેન્દ્ર મોદીની ખૂબ નજીક છે. સત્તામાં રહેલા લોકો દ્વારા પત્રકારોને પરેશાન કરવાની ઘણી રીતો છે જેમાં રાજદ્રોહ અને ફોજદારી માનહાનિના આરોપોનો સમાવેશ થાય છે. ભારતીય કાયદો સિદ્ધાંતમાં રક્ષણાત્મક છે પરંતુ બદનક્ષી, રાજદ્રોહ, અદાલતનો તિરસ્કાર અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવા જેવા આરોપો સરકારની ટીકા કરનારા પત્રકારો સામે વધુનેવધુ ઉપયોગમાં લેવાય છે, અને તેમને "રાષ્ટ્રવિરોધી" તરીકે ઓળખવામાં આવે છે. RSF અનુસાર ભારતીય ન્યૂઝરૂમમાં વિવિધતાનો અભાવ છે. મોટાભાગે, માત્ર ઉચ્ચ જાતિના હિંદુ પુરૂષો જ પત્રકારત્વમાં વરિષ્ઠ હોદ્દા ધરાવે છે અથવા તો મીડિયાર એક્ઝિક્યુટિવ છે. આ પૂર્વગ્રહ મીડિયા સામગ્રીમાં પણ પ્રતિબિંબિત થાય છે. ઉદાહરણ તરીકે, મુખ્ય સાંજના ટોક શોમાં ૧૫% કરતા ઓછા સહભાગીઓ સ્ત્રીઓ છે. પત્રકારોની સુરક્ષાના સંદર્ભમાં પણ, ભારત ખરાબ પ્રદર્શન કરી રહ્યું છે. દર વર્ષે સરેરાશ ત્રણ કે ચાર પત્રકારોની હત્યા થાય છે, ભારત મીડિયા માટે વિશ્વના સૌથી ખતરનાક દેશો પૈકી એક છે. આ રિપોર્ટમાં ખાસ કરીને મહિલા પત્રકારોનું ઓનલાઈન લક્ષિત ઉત્પીડન અને કાશ્મીરમાં પ્રેસ સાથે કેવું વર્તન કરવામાં આવે છે અને તેમાં પોલીસની સતત દખલગીરી વિશે વાત કરવામાં આવી છે. દક્ષિણ એશિયામાં પણ ભારત ઈન્ડેક્સમાં સૌથી ખરાબ સ્થિતિમાં છે. બાંગ્લાદેશ ૧૬૩મા ક્રમે છે, ત્યારે પાકિસ્તાન ૧૫૦મા ક્રમે ભારત કરતા ક્રમમાં આગળ છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર સ્વતંત્ર પત્રકારોની મિત્ર નથી, તેણે પણ ૧૫૨મા રેંક સાથે ભારત કરતાં વધુ સારૂ પ્રદર્શન કર્યું છે. ભૂતાન ૯૦મા અને શ્રીલંકા ૧૩૫મા ક્રમે છે.

---

### તા.૧ જૂન, ૨૦૨૩ના રોજ બાળકની વય ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો પ્રવેશ મળશે નહીં

# રાજ્યમાં ધોરણ-૧ માં પ્રવેશ માટે ૬ વર્ષ પૂર્ણ થવાની શરતનો મામલો હાઈકોર્ટમાં



અમદાવાદ, તા.૬

ધો.૧માં પ્રવેશના સંદર્ભમાં મહત્ત્વનો પરિપત્ર કરાયો છે. ૧ જૂન, ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધો.૧મા પ્રવેશ મળશે નહીં. નવી શિક્ષા નીતિ અનુસાર ધો.૧માં પ્રવેશ માટે બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થયેલી હોવી ફરજિયાત છે. પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો હતો. ત્યાર બાદ આ અંગે વિરોધ શરૂ થયો હતો. હવે આ મુદ્દે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી છે. આ અરજી ઉપર હાઈકોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા નોટિસ પાઠવવામાં આવી છે. હવે આગામી સુનાવણી ૨૧ જૂને હાથ ધરાશે. ધો.૧ના પ્રવેશ સંદર્ભે વાલીઓમાં અસમંજસ હતું કે, પાંચ વર્ષે બાળકને શાળામાં પ્રવેશ મળશે કે નહીં જેને લઈ પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો છે. ૧ જૂન, ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધો.૧મા પ્રવેશ મળશે નહીં. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધો.૧મા પ્રવેશ માટે ૧ જૂનના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થવી જરૂરી છે તેવું પરિપત્રમાં જણાવ્યું હતું. આ બાબતનેલઈને હવે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. જેની સુનાવણીમાં કોર્ટે રાજ્યસરકારને જવાબ રજૂ કરવા નોટિસ પાઠવી છે અને આગામી સુનાવણી વેકેશન બાદ એટલે કે ૨૧મી જૂને યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવી શિક્ષણ નીતિ મુજબ ૨૦૨૩-૨૪થી ધો.૧મા ૬ વર્ષ પૂર્ણ થયા હશે તેને જ પ્રવેશ મળશે. ૪ વર્ષ પૂર્ણ થયા હોય તેમને જ જુનિયર કે.જી.માં એડમિશન મળશે. તો સિનિયર કે.જી. માટે પાંચ વર્ષની ઉંમર જરૂરી છે. ૬થી ૯ વર્ષના બાળકો માટે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન ઉપર ફોકસ રહેશે. વધુમાં ત્રીજા ધોરણ સુધીના બાળકોનો પાયો મજબૂત બને તેના ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. વધુમાં પાંચમા ધોરણ સુધી બાળકોને ભાષા અને ગણિત સાથે સામાન્ય જ્ઞાન તેના તેમજ ધો.૬-૮ સુધી મલ્ટી ડિસીપ્લિનરી કોર્સ અને ધો.૯થી ૧૨ સુધીના બાળકો માટે મસ્ટી ડિસીપ્લિનરી કોર્સ હશે, તે જ રીતે ધો.૯-૧૨માં પ્રોજેક્ટ એન્ડ લર્નિંગ ઉપર ભાર રહેશે.

---

# રાજ્યમાં આગામી તલાટીની પરીક્ષામાં ડમી બનનારાને જેલના સળિયા ગણવાની ચીમકી

### રાજ્યભરના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે કડક બંદોબસ્ત ગોઠવવા સાથે વીડિયોગ્રાફી સહિતના પગલાં લેવાશે

ગાંધીનગર, તા.૬

૭ મેના રોજ લેવાનારી તલાટીમી પરીક્ષાને લઈને તાજેતરમાં હસમુખ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે, દરેક ઉમેદવાર પરીક્ષા કેન્દ્રમાં પવેશ કરે ત્યારે વીડિયોગ્રાફી કરવામાં આવશે. ઉમેદવારની કોલ લેટર સાથે વીડિયોગ્રાફી કરવામાં આવશે. આ ઉપરાંત અસામાજિક તત્વો સામે ચાંપતી નજર રાખવામાં આવશે. જો ગેરરીતિ સામે આવશે તો નવા કાયદા પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે, આ ઉપરાંત પેપરની સલામતી માટે પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ સમયે ઉમેદવારના કોલ લેટરની તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત વર્ગખંડની બહાર ઉમેદવારોના બુટ ચંપલ બહાર કઢાવવામાં આવશે અને ઉમેદવાર સામે શંકા જશે તો તપાસ કરવામાં આવશે. તલાટીની પરીક્ષા માટે એક તાલીમ શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વ્યાપક ડમીકાંડમાં સંડોવાયેલા આરોપીઓને કોલ લેટર ફાળવવામાં ન આવ્યા હોવાની વાત પણ હસમુખ પટેલે કરી હતી. શંકાસ્પદ ઉમેદવારની ખાસ તપાસ કરવામાં આવશે. બોડી વોર્ન કેમેરાથી તમામ ઉમેદવારની ચકાસણી કરવામાં આવશે. જો કોઈ ઉમેદવાર ગેરરીતિ કરતા ઝડપાશે તો તેની સામે નવા કાયદા મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ગેરરીતિમાં મદદ કરનાર સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. તલાટીની પરીક્ષી માટે એસટી વિભાગે વધારાની બસો ફાળવી છે. ૧૮૦૦ ઉમેદવારોએ એસટી વિભાગમાં એડવાન્સ બુકિંગ કરાવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, તલાટીની પરીક્ષા માટે રેલવે અને એસટી વિભાગનો સહયોગ મળ્યો છે. તલાટીની પરીક્ષા માટે આખુ પ્રશાસન પરીશ્રમ કરી રહ્યું છે. સાચો ઉમેદવાર નિર્ભયતાથી પરીક્ષા આપે. આ સાથે હસમુખ પટેલે ચીમકી આપી કે, ડમી બનીને પરીક્ષા આપવાનો પ્રયાસ કરનાર જેલના સળિયા ગણવા તૈયાર રહે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં અગાઉ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગેરરીતિ, પેપરલીક સહિતના કૌભાંડો થવાના સંખ્યાબદ્ધ બનાવો બનતા સરકાર સામે ભારે ઉહાપોહ થવા પામ્યો હતો ત્યારે સરકાર દ્વારા હસમુખ પટેલને કમાન સોંપવા સાથે કડક પગલાની કાર્યવાહી હાથ ધરી હતી. આ સાથે હવે પરીક્ષાઓમાં તંત્ર દ્વારા કડક બંદોબસ્ત સહિતના પગલા લેવાતાં તાજેતરમાં લેવાયેલી



જુનિયર કલાર્કની પરીક્ષા કોઈપણ જાતના વિઘ્ન વિના સારી રીતે પૂર્ણ થઈ હતી ત્યારે હવે તલાટીની પરીક્ષામાં પણ આખું તંત્ર કામે લાગી ગયુંહોય તેમ કામગીરી હાથ ધરાઈ છે.

---

# તલાટીની પરીક્ષા : ૭મીએ સરકારની પણ અગ્નિપરીક્ષા; ૮ લાખથી વધુ ઉમેદવારો

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં જુનિયર ક્લાર્કની પરીક્ષા કોઈપણ વિઘ્ન વિના પૂર્ણ થઈ ગઈ છે. હવે ૭ મેના રોજ તલાટીની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ચોરીને અવકાશ ના રહે તે માટે બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ પોલીસ દ્વારા કરવામાં આવશે. તે ઉપરાંત પરીક્ષા આપનારા ઉમેદવારોની ખાસ તપાસ માટે પણ સૂચના આપવામાં આવી છે. પરીક્ષા શરૂ થાય તેના બે કલાક પહેલાં જ ઉમેદવારોનું ચેકિંગ શરૂ કરવામાં આવશે. આ પરીક્ષા બપોર ૧૨:૩૦ કલાકે શરૂ થશે અને ૧:૩૦ કલાકે પૂર્ણ થશે. આ પરીક્ષા ૮ લાખથી વધુ ઉમેદવારો આપવાના છે. પરીક્ષામાં ગેરરીતિ ના સર્જાય તે માટે નાનામાં નાની વિગતો ઉપર નજર રાખવામાં આવશે. તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર જરૂરી સંખ્યામાં પોલીસ કોન્સ્ટેબલ દ્વારા ઉમેદવારોનું ૧૦૦ ટકા ફ્રિસ્કિંગ કરવાની સૂચના અપાઈ છે. પરીક્ષા શરૂ થાય તેના બે કલાક પહેલા જ ઉમેદવારોનું ચેકિંગ શરૂ કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્ર ઉપર ફ્રિસ્કિંગ માટે રાખેલા પોલીસ સ્ટાફને પણ મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, બ્લૂટુથ, ઈયરફોન જેવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થયાના ત્રણ કલાક પહેલા સ્વીચ ઓફ કરી જમા લઈ સંબંધિત કેન્દ્રના બોર્ડ પ્રતિનિધિને આપવાના આદેશ છે. મહત્વનું છે કે, આ પરીક્ષાને લઈને તંત્ર દ્વારા તમામ તકેદારી રાખી રહ્યું છે. ફ્રિસ્કિંગની કામગીરી ઉપરાંત ઉમેદવારોના ફોટો અને વીડિયો લેવા માટે પોલીસ સ્ટેશનમાં ઉપલ્બધ બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ શક્ય તેટલા પરીક્ષા કેન્દ્ર ઉપર કરવાની પણ સુચના આપવામાંઆવી છે.

---

# સમલૈંગિક લગ્નનો કેસ : સમલૈંગિક યુગલોની ચિંતાઓને દૂર કરવા માટે પેનલની રચના કરવામાં આવશે; સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રનો જવાબ

નવીદિલ્હી, તા.૬

કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે સમલૈંગિક યુગલોના લગ્નને કાયદેસર બનાવવાના મુદ્દાની ચર્ચા કર્યા વિના સમલૈંગિક યુગલોની કેટલીક ચિંતાઓને દૂર કરવા માટે વહીવટી પગલાં માટે કેબિનેટ સચિવની આગેવાની હેઠળની સમિતિની રચના કરવામાં આવશે. કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની પાંચ જજોની બંધારણીય બેંચને જણાવ્યું હતું કે સરકાર અન્વેષણ માટેના સૂચન મેળવવા અંગે હકારાત્મક અભિગમ ધરાવે છે અને આ સંદર્ભે વહીવટી પગલાં લેશે. તેમણે જસ્ટિસ એસ કે કૌલ, એસ આર ભટ, હિમા કોહલી અને પી એસ નરસિમ્હાની બેંચને કહ્યું કે આ માટે એક કરતાં વધુ મંત્રાલયો વચ્ચે સંકલનની જરૂર પડશે. આ કેસમાં સુનાવણીના સાતમા દિવસે મહેતાએ કહ્યું હતું કે અરજદારો આ બાબતે શું વહીવટી પગલાં લઈ શકાય તે અંગેના મુદ્દા ઉપર તેમના સૂચનો આપી શકે છે. ૨૭ એપ્રિલે આ કેસની સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને પૂછ્યું હતું કે શું સમલૈંગિક યુગલોને



તેમના લગ્નને કાયદેસર બનાવ્યા વિના સામાજિક કલ્યાણ લાભો આપી શકાય? કેન્દ્ર દ્વારા સમલૈંગિક ભાગીદારોના સહવાસના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકારવાથી તેના સામાજિક પરિણામોને ઓળખવા માટે તેના ઉપર અનુરૂપ ફરજનું અવલોકન કર્યા પછી કોર્ટે આ પ્રશ્ન ઉઠાવ્યો હતો.

---

# દિલ્હીની સિંગલ માતાએ તેના સગીર પુત્રના પાસપોર્ટમાંથી તેના પિતાનું નામ દૂર કરવાનો કેસ જીત્યો

નવીદિલ્હી તા.૬

રાષ્ટ્રીય રાજધાનીમાં રહેતી સિંગલ માતાએ તેના સગીર પુત્રના પાસપોર્ટમાંથી પિતાનું નામ હટાવવાના અધિકારનો કેસ જીતી લીધો છે. એક અભૂતપૂર્વ ઘટનામાં, સિંગલ મધરની તરફેણમાં એક અરજી ઉપર નિર્ણય લેતા દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં પાસપોર્ટ સત્તાવાળાઓને બાળકના પાસપોર્ટમાંથી પિતાનું નામ હટાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ મહિલા (માતા) એ કોર્ટને માહિતી આપી હતી કે બાળકને તેના જન્મ પહેલા તેના પિતાએ ત્યજી દીધી હતી અને તેણીએ એકલા હાથે તેનો ઉછેર કર્યો હતો. જસ્ટિસ પ્રતિબા એમ સિંઘે અવલોકન કર્યું હતું કે આ એક એવો કેસ છે જેમાં પિતાએ બાળકને સંપૂર્ણપણે છોડી દીધું છે. આ સંજોગોમાં, કોર્ટે પ્રકરણ ૮ની કલમ ૪.૫.૧ અને પ્રકરણ ૯ની કલમ ૪.૧ લાગુ કરી છે. કેસના વિચિત્ર સંજોગોની નોંધ લેતા કોર્ટે તે મુજબ બાળકના પિતાનું નામ પાસપોર્ટમાંથી કાઢી નાખવા અને પિતાના નામ વગર સગીર બાળકનું પાસપોર્ટ ફરીથી જારી કરવાનો નિર્દેશ આપ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે ઉમેર્યું હતું કે અમુક સંજોગોમાં જૈવિક પિતાનું નામ કાઢી નાખી શકાય છે અને અટક પણ બદલી શકાય છે. પાસપોર્ટ મેન્યુઅલ માન્યતા આપે છે કે વિવિધ સંજોગોમાં પિતાના નામ વિના પાસપોર્ટ જારી કરી શકાય છે. બેન્ચે નિર્દેશ કર્યો હતો કે દરેક કેસમાં તથ્યપૂર્ણ સ્થિતિના આધારે આવી રાહતને ધ્યાનમાં લેવી



જોઈએ. આ માતા-પિતા વચ્ચે વૈવાહિક વિખવાદના કિસ્સામાં ઘણી પરિસ્થિતિઓ છે. એકલ માતા અને તેના સગીર પુત્રએ તેના હાલના પાસપોર્ટમાંથી સગીર બાળકના પિતાનું નામ કાઢી નાખવા અથવા તેના વિકલ્પ તરીકે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. અરજદારે દસ્તાવેજમાં પિતાના નામનો ઉલ્લેખ કર્યા વિના સગીર બાળકને નવો પાસપોર્ટ ફરીથી જારી કરવાની માંગ કરી હતી. કોર્ટે અસાધારણ સંજોગોને ધ્યાનમાં રાખીને મહિલાની અરજી સ્વીકારી હતી. અરજદારની માતાનું સ્ટેન્ડ એ હતું કે તે સિંગલ પેરેન્ટ છે અને હાઈકોર્ટે ૧૯ એપ્રિલના ચુકાદામાં જણાવ્યું હતું કે પિતાએ બાળકને સંપૂર્ણપણે ત્યજી દીધું હોવાથી પાસપોર્ટ સત્તાવાળાઓ દ્વારા બાળકના પાસપોર્ટ માટે પિતાના નામનો આગ્રહ ન રાખવો જોઈએ. અરજદારે માતા-પિતા વચ્ચેના પરસ્પર સમાધાન અને બાળકના જન્મ પહેલા ત્યાગ થયો હોવાની હકીકત તરફ પણ ધ્યાન દોર્યું હતું.

---

# 'ભારતનું કાર્યબળ વધી રહ્યું નથી અને નોકરીઓની ગુણવત્તા પણ ઓછી છે' : CMIE

નવી દિલ્હી, તા.૬

ભારતનો બેરોજગારી દર સતત ચોથા મહિને એપ્રિલમાં વધીને ૮.૧૧% થયો છે જે માર્ચ ૨૦૨૩માં ૭.૮% હતો. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) દ્વારા ૧ મેના રોજ બહાર પાડવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, ભારતનો બેરોજગારી દર માર્ચમાં ૭.૮% ત્રણ મહિનાના ઉચ્ચ સ્તરે હતો; જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં તે ૭.૪૫% હતો. તે ડિસેમ્બરમાં વધીને ૮.૩% થઈ ગયો હતો, જે ૧૬ મહિનામાં સૌથી વધુ હતો. ધ વાયરને આપેલી એક ખાસ મુલાકાતમાં, CMIEના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ મહેશ વ્યાસે જણાવ્યું હતું કે, ભારતનું વર્કફોર્સ, જેને સામાન્ય રીતે નોકરી કરતા લોકોના સમૂહ તરીકે ગણવામાં આવે છે તે વધી રહ્યું નથી. ભારતની વસ્તી વધી રહી છે પરંતુ ભારતનું કાર્યબળ વધી રહ્યું નથી. છેલ્લા પાંચ વર્ષમાં તે મોટાભાગે ૪૦૦ મિલિયન ઉપર સ્થિર છે. આ નોંધપાત્ર છે કારણ કે તેની સમગ્ર અર્થવ્યવસ્થા ઉપર વ્યાપક અસર પડે છે. CMIEના વિશ્લેષક વ્યાસ અને નતાશા સોમ્યાએ કહ્યું છે કે એપ્રિલમાં બેરોજગારી દરમાં વધારો શ્રમ સહભાગિતા દરમાં વધારો થવાને કારણે હતો. આ રોજગાર દરમાં પણ વધારો દર્શાવે છે. જો કે, ભારતમાં હજુ પણ લોકો માટે નોકરીઓ ઓછી છે. ૧૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના માત્ર ૪૦% લોકો જ કામ કરે છે. તેથી, અન્ય ૬૦% આ ૪૦% પર નિર્ભર છે. બેરોજગારી કેવી રીતે માપવામાં આવે છે ? ભારતમાં અધિકૃત પ્રણાલી મુજબ, બેરોજગાર તે છે (અથવા જેમની પાસે નોકરી નથી) જેઓ જો કામ ઉપલબ્ધ હોય તો કામ કરવા માટે તૈયાર છે. CMIE દેશમાં બેરોજગારીનું માપન કરે છે, તે બેરોજગારોને વ્યાખ્યાયિત કરતા કહે છે કે, જેઓ કામ કરવા ઈચ્છુક છે અને જેઓ સક્રિયપણે રોજગારની શોધમાં છે. આ બંને સ્વીકાર્ય વ્યાખ્યાઓ છે. CMIEની વ્યાખ્યા સરકારની વ્યાખ્યા કરતાં વધુ કડક છે. પગાર/વેતન એ વ્યક્તિલક્ષી છે, અને ભારતમાં નોકરીઓની ગુણવત્તા ઘણી નીચી છે. મોટાભાગની નોકરીઓમાં ઓછી ચૂકવણી કરવામાં આવે છે અને અસંગઠિત ક્ષેત્રોમાં અનૌપચારિક વ્યવસ્થા છે. ડેટા મેળવવા માટે CMIE દ્વારા ઉપયોગમાં લેવાતી પદ્ધતિમાંથી બેરોજગારીનું વાસ્તવિક ચિત્ર મેળવવું મુશ્કેલ છે. CMIE શહેરી અને ગ્રામીણ ભારતમાં ૪૪,૦૦૦થી વધુ ઘરોનો માસિક સર્વે કરે છે. ભારતમાં ૮૦%થી વધુ કર્મચારીઓ અનૌપચારિક ક્ષેત્રમાં છે. અને અનૌપચારિક ક્ષેત્ર ભારતીય અર્થતંત્રમાં ત્રણ મોટા માળખાકીય ફેરફારોની પ્રતિકૂળ અસરો સહન કરી છે: નોટબંધી, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની રજૂઆત અને કોવિડ-૧૯ પ્રેરિત લોકડાઉન. અસંગઠિત ક્ષેત્ર માટે, બિનઆયોજિત નોટબંધીને કારણે જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૧૭ વચ્ચે ઓછામાં ઓછી ૯૫ લાખ લોકોએ નોકરીઓ ગુમાવી હતી. આને કારણે રોજગાર દરમાં પણ ઘટાડો થયો હતો, જે પછી શ્રમ દળની સહભાગિતા દરમાં ભારે ઘટાડો થયો હતો. "સમજો કે બધા સ્વિગી અને ઝોમેટો ડિલિવરી કરનારા લોકો, ચાઈના વિક્રેતાઓ અને પનવારીઓ નોકરી કરે છે. જો યોગ્ય ઘરગથ્થુ સર્વેક્ષણ દ્વારા ડેટા એકત્રિત કરવામાં આવે તો રોજગાર ડેટામાં તેમનો સમાવેશ કરવામાં કોઈ મુશ્કેલી નથી. ડિલિવરી બોય, પનવારી અને ઓફિસ જનારા એક ઘરમાં રહે છે. તમામ કામદારો, ખેડૂતો, ઉદ્યોગસાહસિકો, રોજીરોટી મજૂરો, ઓફિસ જનારાઓ ઘરોમાં રહે છે. જો અમે ઘરનો સારો સર્વે કરીશું, સરકાર સંચાલિત ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં ખાલી જગ્યાઓ છે, જે ભરવામાં આવી રહી નથી.

# બહાઉદીન સરકારી વિનયન કોલેજના હાર્દિક મેવાડાએ ઓનલાઈન પેમેન્ટની સુવિધાથી થતા ફાયદા, છેતરપીંડિ, સુરક્ષિત પાસવર્ડ જેવા વિષય ઉપર પ્રશ્નોતરી કરી સર્વે કર્યો

## ૭૧.૬ ટકા લોકોએ સ્વીકાર્યું કે ઓનલાઈન પેમેન્ટ કરવું સલામત છે

જૂનાગઢ, તા.૬

બહાઉદીન સરકારી વિનયન કોલેજના આચાર્ય. ડો. પી. વી. બારસીયા અને મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો. બી. બી. જોશીની પ્રેરણાથી સંશોધન અને વિસ્તરણ વિભાગ હેઠળ મનોવિજ્ઞાનના મદદનીશ અધ્યાપક ડો.ભાવનાબેન ઠુંમરના માર્ગદર્શનહેઠળ મેવાડા હાર્દિક દ્વારા ઓનલાઈન પેમેન્ટ પ્રત્યેલોકોના મનોવલણ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

આધુનિકતાની સાથે સાથે સુખ સુવિધાઓમાં પણ નવી ભરમાર ઉભી થઈ છે.આજકાલ દરેક બાબત ઝડપી અને આધુનિક બનતી જોવા મળે છે.બાબતમાં નાણાકીય વ્યવહારપણ પાછળ નથી, ડિજિટલ બેંકિંગ અનેઓનલાઈન પેમેન્ટની નવી સુવિધાઓનું સર્જન થયું છે.સુવિધાની સાથે સલામતીનો પ્રશ્ન પણ ઉભો થયો છે. આ માટે ઓનલાઈન પેમેન્ટ અંગેના લોકોના મનોવલણ જાણવા માટે આ સર્વે કરવામાં આવ્યો છે.

આજના આધુનિક યુગમાં આપણે ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરીએછીએ. નાણાકીય વ્યવહાર માટે ઓનલાઈન એપ કે યુ.પી.આઈ.નો ઉપયોગ કરીએછીએ. ત્યારે ૧૪૧લોકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. તેમની પાસેથી Google ફોર્મ દ્વારામાહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૬૬ ટકા પુરૂષો અને ૩૪ ટકા સ્રીઓએઆ સર્વેમાં સામેલ હતા.

ડિજિટલાઈઝેશનને વિસ્તાર સાથે સીધો સંબંધ છે. જેટલો વિસ્તારનો વિકાસ થાય છે. ત્યાં આધુનિકતાનો પણ વિકાસ થતો જોવા મળે છે. તેથી આ બાબતનો અભ્યાસ કરવા માટે આ સર્વેમાં ૫૩.૨% શહેરીતથા ૪૬.૮% ગ્રામ્યવિસ્તારના લોકો જોડાયા હતા.

દરેક ક્ષેત્રમાં ઓનલાઈન સુવિધા પહોંચી છે. એટલે મોટા ભાગની વ્યક્તિઓ ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગ કરે છે. આ સર્વે દ્વારા જાણવા મળ્યું છે કે, ૬૭.૪% લોકો ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગકરે છે. આથી સમય, સ્થળ અને પૈસાની બચતના કારણે પણ લોકો ઓનલાઈન પેમેન્ટ તરફ વળ્યા હોય તેવું દેખાય છે. સર્વેદરમ્યાન ઓનલાઈન પેમેન્ટના વપરાશકર્તા તથા જે વપરાશ કરતા નથી તે બંને જૂથોની નાણાકીય સલામતી અને વ્યવહાર અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેમાં ૫૯.૬% વ્યક્તિઓએ જણાવ્યું હતું કે, તેમને ઓનલાઈન પેમેન્ટ કરતા વધુ નાણાંનો વ્યવહાર થવાનું ભય રહે છે.

ઓનલાઈન પેમેન્ટએ કેટલીકબાબતોમાં સુવિધાજનક અને સરળ છે પણ મોટાભાગના લોકો ઓનલાઈન પેમેન્ટકરતા પહેલા ગંભીર રીતે વિચાર કરતા જોવામળે છે.આ વિચારનુંકારણ ઓનલાઈન છેતરપિંડી અને અસલામતી હોઈ શકે છે. આ સર્વે દરમ્યાન ૭૧.૬% લોકોએ સ્વીકાર્યુંહતુંકે તેઓ ઓનલાઈન પેમેન્ટ કરતા પહેલા ગંભીર રીતે વિચાર કરે છે. પરંપરાગત રોકડ વ્યવહાર સાથે માનવીઓ વધુ સહજ રીતે જોડાયેલા છે. ત્યારે સર્વેદરમ્યાન એ જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે રોકડ રકમ હોવા છતાં પણ, શું લોકો ઓનલાઈનપેમેન્ટ કરવાનુંપસંદ કરશે કે નહીં ? ત્યારે મોટા ભાગના ૫૧.૮%લોકો એનકાર માં ઉત્તર આપ્યો હતો. આમ,લોકો સામાન્ય રોકડ વ્યવહાર સાથે વધુ સાહજીક રીતે જોડાયેલા જોવામળે છે.

ઓનલાઈન પેમેન્ટ કરનારની સલામતી અંગેખૂબજ હકારાત્મક વલણ જોવા મળ્યું હતું. મોટા ભાગના લોકો ઓનલાઈન પેમેન્ટની જે સલામતીની બાબતમાં લોકો હકાર માં જવાબ આપતા જોવા મળ્યા છે. આ સર્વે દરમ્યાન૭૧.૬% લોકોએ સ્વીકાર્યુંછે કે, ઓનલાઈનપેમેન્ટ કરવું સલામત છે.૬૮.૧% લોકોએનકારમાં જવાબ આપ્યો હતો કે, પોતાની જાણીતી કોઈ વ્યક્તિઓનલાઈન છેતરપિંડીનો ભોગબની નથી. પોતાની અંગત માહિતી કે બેંક સંબંધી માહિતીની ગુપ્તતા જાળવી રાખવી નાણાકીય સલામતી માટે ખૂબ જ જરૂરી છે.ત્યારે ઓનલાઈન પેમેન્ટનો ઉપયોગ કરતી વખતે બેંકની અંગત માહિતીઆપવી પડતી હોય છે. આ સર્વે દરમ્યાન જાણવા મળ્યું છે કે, મોટા ભાગના ૯૧.૫% લોકોઆ પ્રકારની અંગત માહિતી આપતા પહેલા ગંભીર રીતે વિચાર કરે છે.

આ સર્વે દ્વારા જાણવા મળ્યું છે કે ૬૨.૪% લોકોને પાસવર્ડ ચોરી થવાનો ભય લાગે છે. ઓનલાઈન પેમેન્ટ સમયે ઘણી વખત ઈન્ટરનેટની સમસ્યા પણ થતી હોય છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે, ૭૭.૩% લોકોને ઈન્ટરનેટની સમસ્યા ઓનલાઈન પેમેન્ટ દરમિયાન થાય છે.ઓનલાઈન પેમેન્ટને કારણે ઘણી સુવિધાઓ મળી છે. ત્યારે એમાંની મુખ્ય સુવિધા સમય અને નાણાંની બચત છે. સર્વે દરમ્યાન ૯૧.૧% લોકો એ હકારમાં જવાબ આપ્યો હતો. આમ સર્વે દરમિયાન જાણવા મળ્યુંહતુંકે ઓનલાઈનપેમેન્ટની સુવિધાનો સ્વીકાર લોકો કરેછે. અમુક અંશે સલામતી પણ અનુભવતા જોવા મળે છે. પરંતુ વ્યવહાર પૂર્વે પાસવર્ડ કે બેન્કની માહિતી આપતા પહેલા ગંભીર વિચાર કરે છે.

# કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને એસડીજી સેલ જીલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઇ

## શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સહિતના ૧૭ લક્ષ્યાંકો અંગે સમીક્ષા કરવામાં આવી





જૂનાગઢ, તા.૬

જૂનાગઢ કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને એસડીજી સેલ જિલ્લા કક્ષાની સમિતિની બેઠક યોજાઇ હતી.

કલેક્ટર કચેરીના મુખ્યસભા ખંડ ખાતે યોજાયેલ આ બેઠકમાં વિકાસ અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંઘના એજન્ડા ૨૦૩૦ અતર્ગત ૧૭-એસડીજી (સતત વિકાસ લક્ષ્યાંક) ગોલ અને ૧૨૬ લક્ષ્યાંકોની ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી.


આ બેઠકમાં જૂનાગઢ જિલ્લામાં શિક્ષણમાં ડ્રોપઆઉટ, એનરોલ્મેન્ટ રેશિયો, સ્ટુડન્ટ રેશિયો, આરોગ્યમાં બાળ રસીકરણ, બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઘટાડવું, ફેમિલીપ્લાનિંગ, કૃષિક્ષેત્રે સિંચાઈની સુવિધા, શાકભાજી, તેલીબિયા ઉત્પાદનને વધારવા, ગુનાખોરીનું પ્રમાણ અટકાવવું, ગરીબી નિવારણ સહિતના વિષય ઉપર ચર્ચા સમીક્ષા કરવામાંઆવી હતી. તેમજ આ અંગે કલેક્ટરે સંબંધિત વિભાગને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જૂનાગઢ ડિસ્ટ્રીક્ટ એસડીજી રીપોર્ટ ૨.૦નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, સતત વિકાસ લક્ષ્યાંક(નિરંતર વિકાસના ધ્યેયો) એસડીજી ગોલ સાથે સંલગ્ન જુદા જુદા કુલ ૧૭ લક્ષ્યાંકો જે વૈશ્વિક રીતે સામાજિક, આર્થિક અને પર્યાવરણલક્ષી પરીપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખી ૧૨૬ પેટા માપદંડોના સંદર્ભમાં વાસ્તવિક રીતે શિક્ષણ, આરોગ્ય, પસર્યાવરણ, રોજગારી, ગરીબી વગેરેની સ્થિતિ જાણીને તેને ખરી રીતે સમાજ સમક્ષ પ્રસ્થાપિત કરવાનું મુખ્ય હેતુ છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ, જિલ્લા પોલીસ અધિક્ષક કરણરાજ વાઘેલા, અધિક કલેક્ટર પી.જી.પટેલ, જિલ્લા આયોજન અધિકારી આર.એમ.ગંભીર, આર.ઓ પ્રકાશ કાછેલા, આર.ઓ. કોમલબેન ચાવડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ૭ મે, ૨૦૨૩ રવિવારના રોજ સાંજે ૭ કલાકે

# સદ્‌ગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાંનિધ્યમાં પૂર્ણિમાના પવિત્ર દિવસે દર્શન શિબિરનું આયોજન

## ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડી અનોડિયા, માણસા ખાતે પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં નિ:શુલ્ક મહાધ્યાન દર્શન શિબિરનું આયોજન



અમદાવાદ, તા.૬

વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ તણાવમાં જીવી રહી છે. આવા તણાવપૂર્ણ, સ્પર્ધાત્મક યુગમાં ધ્યાનનુંઘણું જ મહત્ત્વ છે. સામાન્ય રીતે, સામાન્ય માણસને ધ્યાન કરવું મુશ્કેલ લાગે છે. તે વિચારે છે કે ધ્યાન ઘડપણમાંકરવાની વસ્તુ છે. પરંતુહિમાલયના મહર્ષિ સદ્‌ગુરૂ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી બાળકોથી લઈને વડીલો સુધી સહુને ધ્યાન કરીને જીવનમાં આત્મશાંતિ પ્રાપ્ત કરવાનો સંદેશ આપી રહ્યા છે. પૂજ્ય સ્વામીજી દ્વારા સમાજને એવા સરળ ધ્યાન સંસ્કાર ઉપલબ્ધ છે કે કોઈપણ વ્યક્તિ ખૂબ જ સરળ રીતે ધ્યાનના ક્ષેત્રમાં જઈ શકે છે, જે સમગ્ર વિશ્વમાં પ્રચલિત છે. આ ધ્યાનયોગનો અભ્યાસ કરીને વ્યક્તિ પોતાના જીવનમાં શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ, સંવાદિતા અને મોક્ષ પ્રાપ્ત કરવાનું અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. આજે ઘણા વૈજ્ઞાનિક પ્રયોગો પણ ધ્યાન કર્યા પછી વ્યક્તિના શરીરમાં થતા સકારાત્મકપરિવર્તનોને સ્વીકારે છે.

સમગ્રવિશ્વમાં આધ્યાનયોગ નિ:શુલ્ક ઉપલબ્ધ અને પ્રચલિત છે. આ ધ્યાન જાતિ, ધર્મ, ભાષા, દેશ અને રંગથી પર છે. આજે વિશ્વભરમાં લોકો ધ્યાન કરીને જીવનમાં આત્મોન્નતિ અને સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

શિક્ષકો, ડોકટરો, પોલીસ, રાજકારણીઓથી લઈને સમાજના દરેક વર્ગના વ્યક્તિ માટે સહજ આ ધ્યાનયોગ છે. ધ્યાનના અનેકવિધ ફાયદા તો છે જ અને જો આ ધ્યાન સામૂહિકતામાં કરવામાં આવે તો તો સોનામાં સુગંધ ભળ્યા જેવું છે! સામૂહિક ધ્યાનથી ઘણા લાભ થાય છે. જે લાભ હજાર દિવસ એકલા ધ્યાન કરવાથી મળે છે, એવો જ લાભ હજારોની સામૂહિકતામાં એક દિવસ ધ્યાન કરવાથી પ્રાપ્ત થાય છે. એટલે જ સામૂહિકતામાં ધ્યાન કરવાની તક ગુમાવવી ન જોઈએ. પરમાત્મારૂપી સદ્‌ગુરૂના સાંનિધ્યમાં, પૂર્ણિમાના દિવસે હજારોની સામૂહિકતામાં ધ્યાન કરવાની આવી સુવર્ણ તક જીવનમાં મળવી ખૂબ જ દુર્લભ હોય છે. આવી જ એક સુવર્ણ તક આપણા જીવનમાં આવી રહી છે. ૭ મે, ૨૦૨૩ રવિવારના રોજ સાંજે ૭ કલાકે ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડી અનોડિયા, માણસા ખાતે પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં નિ:શુલ્ક મહાધ્યાન દર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આપના મિત્રો અને સંબંધીઓ સાથે આપને હાર્દિક આમંત્રણ છે. આ કાર્યક્રમમાં ગુરૂતત્ત્વ ટીમ દ્વારા આધ્યાત્મિક પ્રદર્શનીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

૨આ મહાધ્યાન દર્શન શિબિરનું જીવંત પ્રસારણ યુટ્યુબ ચેનલ https:// www. youtube. com/gurutattva ઉપર પણ કરવામાં આવશે. વધુ માહિતી માટે સંસ્થાની વેબસાઈટ www. gurutattva. org ઉપર લાઈવ ચેટ દ્વારા સંપર્ક કરી શકાય છે

# તલાટીની પરીક્ષાને અનુલક્ષીને રાજકોટથી દ્વારકા, ભાવનગર વચ્ચે ત્રણ જોડી પરીક્ષા ખાસ ટ્રેન દોડાવાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા રવિવાર તા ૭ ના રોજ વિવિધ સ્થળોએ તલાટી કમ મંત્રીની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાને અનુલક્ષીને મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવે દ્વારા રવિવારે રાજકોટથી દ્વારકા અને રાજકોટથી ભાવનગર વચ્ચે એક દિવસ માટે વિશેષ ભાડા પર ત્રણ જોડી પરીક્ષા સ્પેશિયલ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ટ્રેનોના તમામ કોચ અનરિઝર્વ્ડ એટલે કે જનરલ કોચ હશે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો મુજબ છે રાજકોટ-દ્વારકા-રાજકોટ (૦૯૫૧૯/૦૯૫૨૦) નંબરની આ ટ્રેન રાજકોટથી સવારે સાડા છ ઉપડશે અને સવારે પોણા અગિયાર વાગ્યે દ્વારકા પહોંચશે. વળતી દિશામાં આ ટ્રેન દ્વારકાથી બપોરે અઢી વાગ્યે ઉપડશે અને સાંજે પોણા સાત વાગ્યે રાજકોટ પહોંચશે. માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં હાપા, જામનગર અને ખંભાળિયા સ્ટેશનો ઉપર ઉભી રહેશે.

ભાવનગર-રાજકોટ-ભાવનગર સુપરફાસ્ટ (૦૯૫૯૧/૦૯૫૯૨) નંબરની આ ટ્રેન ભાવનગર ટર્મિનસથી સવારે ૪.૧૦ વાગ્યે ઉપડશે અને સવારે પોણા નવ વાગ્યે રાજકોટ પહોંચશે. તેવી જ રીતે, વળતી દિશામાં, આ ટ્રેન રાજકોટથી સાંજે પોણા પાંચ વાગ્યે ઉપડશે અને રાત્રે પોણા દસ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે. રૂટમાં આ ટ્રેન બંને દિશામાં ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, રાણપુર, લીંબડી, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે.

રાજકોટ-ભાવનગર-રાજકોટ સુપરફાસ્ટ (૦૯૫૩૭/૦૯૫૩૮) આ ટ્રેન રાજકોટથી સવારે સવા ચાર વાગ્યે ઉપડશે અને ભાવનગર ટર્મિનસ સવારે સાડા નવ વાગ્યે પહોંચશે. તેવી જ રીતે, પરત દિશામાં, આ ટ્રેન ભાવનગર ટર્મિનસથી સાડા ત્રણ વાગ્યે ઉપડશે અને રાત્રે સાડા આઠ વાગ્યે રાજકોટ પહોંચશે. માર્ગમાં આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, સિહોર અને ભાવનગર પેરા સ્ટેશનો પર ઉભી રહેશે.

# માત-પિતાની ઉપેક્ષા

આપણે સમાજમાં જોયું છે કે એક માતા પિતા પોતાના ચાર થી પાંચ સંતાનોનું સારી રીતે લાલનપાલન કરે છે. તેમનો સારી રીતે ઉછેર કરે છે. તેમને યોગ્ય શિક્ષણ આપે છે અને સંતાનોના તમામ લાડ કોડ પૂરા કરે છે. સંતાનોને સારી લાઈનદોરી આપી પરણાવી તેમનો ઘરસંસાર ચલાવવા પોતાનું સર્વસ્વ હોમી દે છે , એ આશાએ કે, મારુ સંતાન દુ:ખી ન થાય અને એને જિંદગીમાં કોઈ તકલીફ ન પડે. માબાપ પોતાનાં બાળકો પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખતાં નથી. મા-બાપ સંતાનો પાસેથી ઝંખે છે માત્ર ને માત્ર એમનો પ્રેમ અને પોતાની વૃદ્ધાવસ્થામાં સંતાનો એમનાં ટેકણલાકડી બને એજ અપેક્ષા હોય છે. પરંતુ એજ પુત્રોને પોતાના લગ્ન બાદ માતા-પિતા આંખમાં પડેલા કણાની જેમ ખૂંચે છે. માવતર એમને બોજા સમાન લાગે છે. માતા-પિતા પોતાની પાસે રહે તે આજના કળિયુગી શ્રવણોને ગમતું નથી. મા-બાપ પોતાની પાસે રહે એમાં એ લોકોને નાનપ અને પોતાની સામાજિક પ્રતિષ્ઠા જોખમાતી હોય એવું લાગે છે. આ લોકોને એમની આઝાદી છિનવાઈ જતી હોય એવું પ્રતીત થાય છે. આગળ જોયું તે પ્રમાણે એક માતાપિતા પોતાના ૪ થી ૫ સંતાનોનો સારી રીતે ઉછેર કરી શકે છે, પરંતુ એક માબાપને ૪ થી ૫ સંતાનો સાચવી શકતા નથી. આ આજના સમાજની વાસ્તવિકતા અને કટુ સત્ય છે. ઘણાં ઘરોમાં માબાપની ઘોર ઉપેક્ષા કરવામાં આવે છે. એમને શારિરીક અને માનસિક રીતે ત્રસ્ત કરવામાં આવે છે. એમનું નાની નાની વાતમાં અપમાન કરવામાં આવે છે. એમનાં કોઈ કોડ કે અરમાન પૂરા કરવામાં આવતાં નથી. વૃદ્ધાવસ્થામાં ઘરડાં માતાપિતાને એકબીજાની હૂંફ અને સહારાની જરૂર હોય ત્યારે એમને વિખૂટા પાડી દેવામાં આવે છે. ઘણાં પુત્રો તો પોતાનાં માવતરને ઘરડાઘરમાં મૂકતા પણ અચકાતા નથી. આજે પુત્રોને એક કૂતરો પાળવો પોષાય છે, પરંતુ માબાપ રાખવા પોષાતા નથી. સત્ય હકીકત એ પણ છે કે જે સંતાનો માવતરની ઉપેક્ષા કરે છે, તેઓ ક્યારેય સુખી થઈ શકતાં નથી. એ લોકોને એટલી પણ સમજ નથી કે માબાપની સેવા અને એમનાં ચરણોમાં જ સાચું સુખ સમાયેલું છે. એક પંક્તિ ટાંકીને મારા વિચારોને વિરામ આપું છું.

" ચાહે લાખ કમાયે, ધન દૌલત, યે બંગલા
કોઠી બનાયી હૈ, માબાપહી નાખુશ તેરે હૈ, બેકાર, યે સારી કમાયી હૈ."

- યોગેશભાઈ આર. જોષી, હાલોલ



એ લોકો આઈપીએલનું ઉદઘાટન કરે અન તમે આઈપીએલ ઉપરના સટ્ટો રમાડવાનું..!



મને તો લાગે છે કે, તમને આઈપીએલ નામનો જ રોગ લાગુ પડી ગયો છે !

# શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને ગલગોટા-ગુલાબના ફૂલોનોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૬

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ અને શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીમંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તા.૬-૫-૨૦૨૩ના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા ધરાવી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા ૭ કલાકે આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. દાદાના સિંહાસનને ગલગોટા, ગુલાબના ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ શ્રી કષ્ટભંજનદેવ દાદાને ખારેક, કાળી દ્રાક્ષ, લવિંગ, કાજુ, બદામ, ખજુર વિગેરેનો અન્નકૂટ ધરાવવામાં આવેલ હતો તથા મંદિરના પટાંગણમાં શ્રી મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ તેમજ જેના દર્શન-અન્નકૂટ- આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

# યાત્રાધામ દ્વારકામાં વૈશાખી પુર્ણિમાના હજારો ભાવિકોએ ગોમતી સ્નાન કરી કાળિયા ઠાકોરના દર્શન કર્યા





### ઠાકોરજીને સાંજે પુષ્પ શુંગાર સાથે સુકામેવા મનોરથ દર્શન યોજાયા

(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૬

યાત્રાધામદ્વારકામાં વૈશાખી પુર્ણિમાંના દિવસે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. વેકેશનઅને પુનમ હોવાથી સમગ્ર દિવસ દરમ્યાન હજારો ભાવિકોએઠાકોરજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગોમતી સ્નાન કરવા ભાવિકો ગોમતી ઘાટ ઉપર ઉમટ્યા હતા. પવિત્ર ગોમતી નદિમાં સ્નાન કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું. પુનમના સાંજે પાંચ વાગ્યે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે વારદાર પુજારી દ્વારા કાળિયા ઠાકોરને પુષ્પ શુંગાર સાથે સુકામેવા મનોરથ ધરાવવામાં આવ્યો હતો. સાથે અન્નકોટ મનોરથ આરતી કરવામાં આવી હતી. તે દર્શનનો ભાવિકોએ શ્રીજી સન્મુખ તેમજ સોશ્યલ મિડીયાના અલગ-અલગ માધ્યોમોથી દર્શન કર્યા હતા.

# ગીર–સોમનાથ : ભાલકા પોલીસ ચોકીનું જીલ્લા પોલીસ વડાના હસ્તે ઉદઘાટન

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા) પ્રભાસ-પાટણ તા.૬





વેરાવળ સીટી પોલીસ સ્ટેશનની રીનોવેશન થયેલ ભાલકા ચોકીનું ગીર સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું. વેરાવળસીટીપોલીસ સ્ટેશનહદ વિસ્તારના સોમનાથ ટોકીઝ વિસ્તારમાં બાગે રહેમત, બાગે યુસુફ, અલીભાઈ સોસાયટી, ખોજા સોસાયટી, મિસ્કીન કોલોની, સાહીગરા કોલોની, તાલાળા નાકા અનુ.જાતિ સોસાયટી,ભાલકા કોલોની જેવા અતિસંવેદનશીલ વિસ્તારોનો કાયદો અનેવ્યવસ્થા સુચારૂ રૂપે જાળવવા તાલાળા નાકા ખાતે ભાલકા પોલીસચોકી આવેલછે. જે ચોકીમાં પોલીસ અધીકારી/કર્મચારીઓ કાયદો અનેવ્યવસ્થા જાળવવા સારૂ સતત હાજર રહી કામગીરી કરી શકે તેવી હાલતમાં ચોકી કાર્યરત કરવાના આશયથી વેરાવળ સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.એમ.ઈશરાણીના માર્ગદર્શન તથા સહયોગ/સુચનો પ્રમાણે ભાલકા પોલીસ ચોકી પો. સબ ઈન્સ. એન.એ.વાઘેલા તથા ભાલકા પોલીસ ચોકી ખાતે કામ કરતા પોલીસ કર્મચારીઓની મહેનત તથા જહેમતથી લોકભાગીદારી દ્વારા ભાલકા પોલીસચોકીનું સંપુર્ણ રીનોવેશન કરવામાં આવેલ અને ચોકીને સંપુર્ણ નવી બનાવી દેવામાં આવેલ છે. જેથી હાલ ભાલકા પોલીસ ચોકી ખાતે કામ કરતા અધિકારી/કર્મચારીઓ કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે સારી રીતે કામ કરી શકે તેવું રીનોવેશન કરી નવી ચોકી બનાવવામાં આવેલછે. જે અનુસંધાને ગીર-સોમનાથ જીલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાના હસ્તે નવીનીકરણ કરેલ ભાલકા ચોકીનું ઉદઘાટન કરવામાં આવેલછે.

### દરિયામાં બોટ અંગેનો વિડીયો વાયરલ થયા બાદ

# ખંભાળિયા પંથકના ત્રણ પોલીસ કર્મચારીઓ ફરજમાં બેદરકારી સબબ સસ્પેન્ડ

### વધુ તપાસ એલસીબીને સોંપાઈ: પોલીસ બેડામાં ચકચાર

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૬

ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ મથકમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારીઓને દરિયાનો એક વિડીયો વાયરલ થયા બાદ ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડાએ આકરૂ વલણ અખત્યાર કરીઅને ફરજ મુક્ત કરતો હુકમ કર્યો છે. આ સમગ્ર પ્રકરણ અંગે જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા પંથકમાં આવેલા દરિયામાં કાળુભાર ટાપુ નજીક પોલીસ સ્ટાફને સરકારી બોટ મારફતે પેટ્રોલિંગની જવાબદારી સોંપવામાં આવી હતી. આ માટે સલાયા મરીન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ઓમદેવસિંહ ભીખુભા જાડેજા, કોન્સ્ટેબલ પીઠાભાઈ પબાભાઈ જોગલ તથા હિતેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલા દ્વારા સરકારી બોટ મારફતે એક જી.આર.ડી.ના જવાન તથા અન્ય એક સ્થાનિક શખ્સને બોટમાં લઈજવામાં આવ્યા હતા. દરિયામાં પેટ્રોલિંગ દરમ્યાન પોલીસકર્મચારીઓ બોટમા હતા ત્યારે જી.આર.ડી.નો જવાન તથા અન્યએક શખ્સ દોરડુંબાંધીઅને બોટમાંથી દરિયામાં નહાવા પડ્યા હતા. જે અંગેનો વિડીયો વાયરલ થઈ ગયો હતો. આ કૃત્યથી કાયદાનું ઉલ્લંઘન થતું હોવાનું ખુલવા પામતા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એમ.એમ. પરમાર દ્વારા તાકીદની કાર્યવાહી કરી, ઉપરોક્ત ત્રણેય હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલને ફરજ મુક્ત કરવા માટેનો હુકમ કરાયો છે. આટલું જ નહીં, આ સમગ્ર પ્રકરણ અંગેની વધુ ઊંડાણપૂર્વકની તપાસ કરવા માટે એલ.સી.બી. વિભાગને પણ હુકમ કરવામાં આવ્યો છે. જેથી એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલ દ્વારા આ પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સલાયા મરીન પોલીસ મથકના ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવાના આ સમગ્ર પ્રકરણથી જિલ્લાના પોલીસ બેડામાં પણ ભારે ચકચાર મચી જવા પામી છે.

### રાયડો પકવતા ખેડૂતો માટે મહત્વનો નિર્ણય

# રાજ્યના ખેડૂતો હવે સ્થળ ઉપર જ રજીસ્ટ્રેશન કરાવી રૂા.૫૪૫૦ પ્રતિક્વિન્ટલ ટેકાના ભાવે રાયડો વેચી શકશે

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર તા.૬

ગુજરાતના ખેડૂતો માટે સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં રાયડો પકવતા ખેડૂતોમિત્રો પાસેથી ભારત સરકાર દ્વારા પીએસએસ ગાઈડલાઈન મુજબ રૂા.૫૪૫૦ પ્રતિક્વિન્ટલ ટેકાના ભાવે ખરીદી કરવાની હોઈ રાજ્યના અનેક ખેડૂતોએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. રજીસ્ટ્રેશન કરાવેલુ હોય તેવા ખેડૂતો પાસેથી હાલમાં ટેકાના ભાવે રાયડાની ખરીદી ચાલુ છે, જે આગામી તા.૭મી જૂન, ૨૦૨૩ સુધી ચાલશે, તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયુંછે. વધુમાં જણાવ્યા અનુસાર, ટેકાના ભાવે ખરીદી માટે અગાઉ રજીસ્ટ્રેશન ન કરાવેલું હોય તેવા ખેડૂતમિત્રો રાયડો ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા હોય તો ગુજકોમાસોલ દ્વારા નિયત કરેલા જે તે ખરીદ કેન્દ્ર ઉપર સ્પોટ રજીસ્ટ્રેશન કરી ખેડૂતો ખરીદ મુજબ પોતાના રાયડાનો જથ્થો વેચાણ કરી શકશે. રાયડાનો હાલનો બજાર ભાવ રૂા.૫૦૩૨ પ્રતિક્વિન્ટલ ચાલી રહ્યો છે, જે ટેકાના ભાવ કરતા રૂા.૪૧૮ પ્રતિક્વિન્ટલ ઓછો છે. આથી ખેતી નિયામક દ્વારા રાયડો પકવતા ખેડૂતોને ટેકાના ભાવની ખરીદીમાં વધુમાં વધુ ભાગ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# શેસાવનની જગ્યા પાસે આવેલ ડેરીમાંથી અજાણ્યા શખ્સ દ્વારા ચોરીનો પ્રયાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં ગિરનાર પર્વત જુની સીડીના ૩૨૦૦ પગથીયા પર આવેલ દિક્ષા કલ્યાણક ડેરીમાં ચોરીનો પ્રયાસ કરવામાં આવેલ છે. મારૂતી નગર ખાતે રહેતા જગદીશચંદ્ર ધિરજલાલ (ઉ.વ.૫૭)એ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી દેવચંદ લક્ષ્મીચંદ નામની પેઢીમાં મેનેજર તરીકે નોકરી કરતા હોય અને આ પેઢી હસ્તકની ગીરનાર પર્વત ઉપર આવેલ શેસાવનની જગ્યા પાસો આવેલ દિક્ષા કલ્યાણ નામની ડેરીના દરવાજાના નકુચાના તાળા તોડી કોઈએ અંદર પ્રવેશ કરી જાળીના સળીયા વાળી દઈ ચોરી કરવાનો પ્રયાસ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા ભવનાથ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તલાટી કમ મંત્રીની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને માટે જૂનાગઢ પોલીસ દ્વારા વાહનની કરાઈ વ્યવસ્થા

આથી સર્વે પરીક્ષાર્થીઓને જણાવવાનુ કે, આગામી તારીખ ૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ગુજરાત રાજ્યમાં યોજાનાર તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન જુનાગઢ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પરીક્ષાર્થીઓ નિયત સમયે, નિયત સ્થળે પહોંચી શકે તે શુભ આશયથી નીચે મુજબના મહત્વના સ્થળોએ વિના મુલ્યે વાહનોની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

| અ.નં. | સ્થળની વિગત | વાહનનો પ્રકાર | વાહન રજી.નંબર |
|---|---|---|---|
| ૧ | મજેવડી દરવાજા, જુનાગઢ | બસ | GJ-11-GK-385 |
| ૨ | સરદાર ચોક, જીમખાના,જુનાગઢ | સ્વરાજ મજદા | GJ-11-G-1561 |
| ૩ | એસ.ટી સ્ટેન્ડ, જુનાગઢ | લા.વા.૩૫૦૦ | GJ-11-G-1544 |
| ૪ | રેલ્વે સ્ટેશન, જુનાગઢ | સ્વરાજ મજદા | GJ-11-GA-144 |
| ૫ | મોતીબાગ પીકઅપ પોઇન્ટ, જુનાગઢ | સ્વરાજ મજદા | GJ-11-GA-032 |
| ૬ | મધુરમ બાયપાસ ચોકડી, જુનાગઢ | સ્વરાજ મજદા | GJ-11-G-1559 |
| ૭ | સાબલપુર ચોકડી, જુનાગઢ | બસ | GJ-11-GA-0511 |
| ૮ | એસ.ટી. સ્ટેન્ડ, વંથલી | સીટી રાઇડ | GJ-11-G-982 |
| ૯ | એસ.ટી. સ્ટેન્ડ, કેશોદ | બસ | GJ-18-GB-4535 |
| ૧૦ | ચાર ચોક, કેશોદ | લા.વા.૪૧૦ | GJ-11-G-1393 |

**ઇમરજન્સી હેલ્પ લાઇન નંબરો**

| અ.નં. | હેલ્પલાઇન | હેલ્પલાઇન નંબર |
|---|---|---|
| ૧ | જુનાગઢ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ | ૧૦૦ / ૦૨૮૫ ૨૬૩૦૬૦૩ |
| ૨ | જુનાગઢ જિલ્લા હેલ્પ લાઇન નંબર | ૦૨૮૫ ૨૬૩૬૦૩૨ |

# જૂનાગઢ બાર એસોસીએશન દ્વારા વકીલો માટે આવતીકાલે મેડીકલ કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

જૂનાગઢ બાર એસોસીએશન દ્વારા જૂનાગઢ બાર એસો.માં નોંધાયેલા વકીલશ્રીઓ તથા તેમના પરીવારજનો માટે નિ:શુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે તા.૭-૫-૨૦૨૩ના રોજ સવારે ૧૧ કલાકે બારરૂમમાં જૂનાગઢ કોર્ટમાં રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખ, નાક, કાન તથા ગળાની બિમારી અંગેનું નિદાન કરવામાંઆવશે. તેમજ ડાયાબીટીશ, બ્લડ પ્રેશર અંગેનું નિદાન કરવામાંઆવશે. તેમજ કાર્ડીયોગ્રામ નિ:શુલ્ક રીતે કાઢી આપવામાં આવશે તેમજ આયુર્વેદિક પધ્ધતીથી સમગ્ર શરીરનું નિદાન કરવામાં આવશે.

આ નિદાન કેમ્પમાં વિવિધ ફેકલ્ટીના નામાંકીત ડોકટરઓ પોતાની વિનામુલ્યે સેવા આપશે તો આ કેમપનો જૂનાગઢના વકીલશ્રીઓએ વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવા જૂનાગઢ બાર એસોસીએશનના પ્રમુખ ભાવેશભાઈ ઝીંઝુવાડીયા તથા સેક્રેટરી મનોજભાઈ દવેએ અનુરોધ કરેલ હોવાનું યાદીમાં જણાવે છે.

# જૂનાગઢમાં બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવા માટે વિનામુલ્યે મેગા કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

નિર્મલ આરોગ્ય કેન્દ્ર જૂનાગઢ તથા શ્રી માધવ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. જૂનાગઢ દ્વારા તા.૧૩-૫-૨૦૨૩નો શનિવારના રોજ સવારના ૧૦થી ૧ વાગ્યા સુધી સુવર્ણપ્રાશનના ટીપા ૧ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને પીવડાવવામાં આવશે. બાળકોની શારિરીક ક્ષમતા તેમજ બૌધ્ધિક વિકાસ માટે સુવર્ણપ્રાશનના ટીપા ખુબ જ ઉપયોગી છે. જૂનાગઢ શહેરમાં વસતા દરેક નાગરિકોના બાળકો માટે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવા માટે વિનામુલ્યે મેગા કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. તો વધુમાં વધુ પરિવારો આ કેમ્પમાં તેમના સંતાનોના માનસીક તથા શારિરીક વિકાસ માટે ભાગ લેવાની અપીલ શ્રી માધવ ક્રેડીટ સોસાયટીના પ્રમુખ ઉનડકટ દ્વારા કરવામાં આવે છે. આ કેમ્પ નિર્મલ આરોગ્ય કેન્દ્ર, કમળા ભવન, જગમાલ ચોક, જૂનાગઢ ખાતે યોજવામાં આવશે.

# જૂનાગઢમાં આવતીકાલે ભગવાન વિષ્ણુ યજ્ઞ અને રામદેવજીનો પાઠ અને સંતવાણી

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૬

શ્રી દામોદરા દાદાની અસીમ કૃપાથી આવતીકાલે વૈશાખ વદ-૨ને રવિવાર તા.૭-૫-૨૦૨૩ના રોજ ભરતબાપુ પરિવાર તથા સેવકગણ દ્વારા ભગવાન વિષ્ણુ યજ્ઞ, રામદેવજીનો પાઠ તથા સંતવાણીનું આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે સવારે ૮ કલાકે વિષ્ણુ યજ્ઞ તેમજ રાત્રીના ૧૦ કલાકે સંતવાણી, રાત્રીના ૧૧ કલાકે રામદેવજીનો પાઠ તેમજ આવતીકાલે સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. ભોજન તથા સંતવાણીનો કાર્યક્રમ મયારામદાસ આશ્રમ, ગીરનાર રોડ, જૂનાગઢ ખાતે યોજાશે અને આ કાર્યક્રમમાં ભાવિકોને ભાવભર્યુંનિમંત્રણ પાઠવેલ છે.

# વિસાવદરના કાલસારી ગામેથી ઘઉં અને ચોખાનો જથ્થો ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૬

વિસાવદર તાલુકાના કાલસારી ગામેથી ઘઉં અને ચોખાનો જથ્થો ઝડપી લેવામાં આવેલ છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર રેવર બળવંતસિંહ મદારસિંહેએ અલ્તાફભાઈ કાળવાતર, આસીફભાઈ રસુલભાઈ, મુસ્તાફભાઈ ચૌહાણ, નીસાર આગવાર, જુસબભાઈ વિગોર, સલીમભાઈ ચૌહાણ, જાવીદભાઈ દલ વિગેરે સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલછે કે, આ કામના આરોપીઓએ પોતાના હવાલા વાળા વાહનોમાં ઘઉં તથા ચોખાનો જથ્થો ભરી આધારપુરાવા રજુ નહી કરી અને કુલ જથ્થો ૧૬,૭૮૦ કિલો ઘઉ અને ચોખાનો જથ્થો અનઅધિકૃત રીતે રાખીઅને ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## પશ્ચિમ રેલ્વે ૭ મે, ૨૦૨૩ના રોજ ગ્રામ પંચાયત મંત્રી પરીક્ષા આપનાર ઉમેદવારો માટે એક્ઝામ સ્પેશિયલ ટ્રેનોની ૭ જોડીઓ દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્ટેશન | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|
| 09579 | ભાવનગર (ટ.) - ગાંધીગ્રામ | 04:50 કલાકે (રવિવાર) | 09:15 કલાકે (એજ દિવસે) |
| 09580 | ગાંધીગ્રામ - ભાવનગર (ટ.) | 15:30 કલાકે (રવિવાર) | 20:10 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : ભાવનગર પરા, શિહોર ગુજરાત,ધોલા, બોટાદ, ધંધુકા, ધોળકા અને વસ્ત્રાપુર સ્ટેશનો બંને દિશામાં | | | |
| 09591 | ભાવનગર (ટ.) - રાજકોટ (સુપરફાસ્ટ) | 04:10 કલાકે (રવિવાર) | 08:50 કલાકે (એજ દિવસે) |
| 09592 | રાજકોટ - ભાવનગર (ટ.) (સુપરફાસ્ટ) | 16:45 કલાક (રવિવાર) | 21:40 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : ભાવનગર પરા, શિહોર ગુજરાત,ધોલા, બોટાદ, રાણપુર, લીંબડી, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશન બંનેદિશામાં. | | | |
| 09529 | અમરેલી - જૂનાગઢ જં. | 06:00 કલાકે (રવિવાર) | 09:00 કલાકે (એજ દિવસે) |
| 09530 | જૂનાગઢ જં. - અમરેલી | 15:30 કલાકે (રવિવાર) | 18:50 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : અમરેલી પરા, ચલાલા, ધારી અને વિસાવદર સ્ટેશન બંને દિશામાં. | | | |
| 09537 | રાજકોટ - ભાવનગર(ટ.) (સુપરફાસ્ટ) | 04:15 કલાકે (રવિવાર) | 09:25 કલાકે (એજ દિવસે) |
| 09538 | ભાવનગર(ટ.) - રાજકોટ (સુપરફાસ્ટ) | 15:30 કલાક (રવિવાર) | 20:30 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : વાંકાનેર, સુરેન્દ્રનગર, લીંબડી, રાણપુર, બોટાદ, ધોળા, શિહોર ગુજરાત અને ભાવનગર પરા સ્ટેશન બંને દિશામાં | | | |
| 09471 | સાબરમતી - પાલનપુર (ડેમુ) | 04:30 કલાકે (રવિવાર) | 07:10 કલાકે (એજ દિવસે) |
| 09472 | પાલનપુર - સાબરમતી (ડેમુ) | 07:40 કલાકે (રવિવાર) | 10:10 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : કલોલ અને મહેસાણા સ્ટેશન બંને દિશામાં. | | | |
| 09473 | સાબરમતી - પાલનપુર (ડેમુ) | 16:30 કલાકે (રવિવાર) | 18:55 કલાકે (એજ દિવસે) |
| 09474 | પાલનપુર - સાબરમતી (ડેમુ) | 19:30 કલાકે (રવિવાર) | 22:30 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : કલોલ અને મહેસાણા સ્ટેશન બંને દિશામાં | | | |
| 09519 | રાજકોટ - દ્વારકા | 06:30 કલાકે (રવિવાર) | 10:45 કલાકે (એજ દિવસે) |
| 09520 | દ્વારકા - રાજકોટ | 14:50 કલાકે (રવિવાર) | 18:40 કલાકે (એજ દિવસે) |
| રોકાણો : હાપા, જામનગર અને ખંભાળીા સ્ટેશનો બંને દિશામાં. | | | |

સમય, રોકાણો અને સંરચના સંબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.Indianrail.gov.in ની મુલાકાત લો.

**આ ટ્રેનો અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો રૂપે દોડાવાશે**

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in

facebook.com/WesternRly - twitter.com/WesternRly

# જૂનાગઢ મનપા પાસે 3 એમ્બ્યુલન્સમાંથી બેનાં ટાયર ફાટી ગયા છે લોકો સેવાથી વંચિત

## ઈમરજન્સીમાં લોકોને તાત્કાલીક એમ્બ્યુલન્સની સેવા મળી શકે તે માટે જરૂરી પગલા ભરવાની વિપક્ષની માંગણી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ મનપામાં ૩ એમ્બ્યુલન્સ હાલ છે પરંતુ બે એમ્બ્યુલન્સનાં ટાયર ફાટી ગયેલ છે ત્યારે આ બાબતે સત્તાધિશોને અને પદાધિકારીઓને રજુઆત કરવામાં આવતાં ટેન્ડર પ્રક્રિયા પાસ થાય ત્યાર પછી જ ટાયર મંગાવી અને ફીટ કરવામાં આવશે તેવો જવાબ આપવામાં આવી રહયો છે. લોકોને માટેની થતી સુવિધાઓમાં શાસકો દ્વારા યોગ્ય કાર્યવાહી થતી ન હોવાની અનેક ફરીયાદો છે ત્યારે વિપક્ષનાં કોર્પોરેટરો દ્વારા શાસકોની આ નિતી સામે તીવ્ર પ્રક્રિયા આપી છે અને તાત્કાલીક અસરથી એમ્બ્યુલન્સમાં ટાયર બદલવાની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી અને લોકોને સુવિધા આપવાની માંગણી કરી છે.

જૂનાગઢ મનપામાં ભાજપની સંપૂર્ણ બહુમતી અને સત્તાસ્થાને પણ ભાજપ બિરાજમાન છે ત્યારે વર્તમાન શાસકો દ્વારા પ્રજાને આપવાની થતી સુવિધાઓમાં યોગ્ય કાર્યવાહી થતી ન હોવાની અનેક ફરીયાદો ઉઠવા પામેલ છે. આ દરમ્યાન જૂનાગઢ મનપાનાં વોર્ડ નં. ૮નાં કોર્પોરેટર અદ્રેમાનભાઈ પંજા, સેનીલાબેન થઈમ, જેબુનીશા કાદરી તેમજ વોર્ડ નં. ૫નાં કોર્પોરેટર મંજુલાબેન પણસારા તેમજ વોર્ડ નં. ૬નાં કોર્પોરેટર લલીતભાઈ પરસાણાએ એક સંયુકત નિવેદન જારી કરી અને પ્રજાનાં પૈસે પદાધિકારીઓ તાગડધિના કરી રહયા છે. અને લોકો માટેની સુવિધાની એમ્બ્યુલન્સનાં ટાયર ફાટેલા હોય અને ટેન્ડર પાસ થાય પછી જ સુવિધા મળશે ના જવાબો મળી રહયા છે ત્યારે આ બાબતે તીવ્ર આક્રોષ વ્યકત કરતાં જણાવેલ છે કે જૂનાગઢ મનપા હસ્તક હાલ ૩ એમ્બ્યુલન્સ છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી બે એમ્બ્યુલન્સનાં ટાયર ફાટી ગયેલ છે. અને આ બાબતે અધિકારી સાથે વાત કરતા અધિકારીએ એવો જવાબ આપેલ છે કે બે એમ્બ્યુલન્સનાં ટાયર ફાટી ગયેલ છે. અને ટાયર બદલાવવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ઉપર છે. અને હાલ આ ટેન્ડર સ્ટેન્ડીંગમાં ભાવ મંજુરી માટે અર્થે મુકેલ છે. જયારે પણ ભાવ મંજુર થશે ત્યારે ટાયર મંગાવવામાં આવશે અને ત્યારબાદ ટાયર ફીટ થશે તેવો જવાબ આપેલ છે. વધુમાં જૂનાગઢની ટેકસ ભરતી જનતાનાં પૈસાથી પદાધિકારીઓની ગાડી એકપણ દિવસ કોઈપણ ટેકનીકલ ખામી કે અન્ય કોઈ વસ્તુને કારણે બંધ રહેવા પામી નથી. પરંતુ માત્રને માત્ર જનતાની સુવિધાઓ સાથે સંકળાયેલા વાહનો માટે જ આવા સરકારી બાબુનાં જવાબો લોકોને સાંભળવા મળે છે તે પણ એક દુઃખદ ઘટના છે. જો આવી જ રીતે ચાલ્યા કરશે તો લોકોને સરકાર ઉપરથી વિશ્વાસ ઉઠી જશે. અને માત્રને માત્ર લોકોનાં કામ માટે જ આવા નિયમો છે. જયારે અધિકારી પદાધિકારીઓને મળતી સવલતોમાં આવા કોઈ નિયમો કે પ્રક્રિયાઓ નડતી નથી. જેથી જૂનાગઢની પ્રજાવતી અધિકારી પદાધિકારીને વિનંતી કરવામાં આવે છે કે લોકોએ જયારે તમને બહુમતી આપી છે ત્યારે લોકોનાં કામ માટે આવી તમામ પ્રક્રિયાઓ તાત્કાલીક થાય અને લોકોને મળતી સુવિધામાં વિક્ષેપ ન આવે તેવો વહીવટ કરવા શાસકોને અપીલ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં 'માવઠા'ની મોસમ વચ્ચે ખાદ્યપદાર્થનું સઘન ચેકીંગ કરવા માંગ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં 'માવઠા'ની મોસમ પુરબહારમાં ખીલી ઉઠડી છે અને છેલ્લા કેટલાક દિવસો થયા બપોરનાં સમયે કયારેક ધોધમાર કયારેક ઝાંપટા જેવો વરસાદ તુટી પડે છે. આ વરસાદ એટલે કે માવઠાનાં કારણે ખાદ્ય પદાર્થોને ભારે અસર પહોંચી છે. ખાસ કરીને બજારમાં વહેંચાતા ફળ, ફળાદી, શાકભાજી તેમજ ખાણીપીણી સહિતનાં વેંચાણ કેન્દ્રોનું સઘન ચેકીંગ કરવાની માંગણી આમ જનતામાંથી ઉઠવા પામી છે. ભેળસેળવાળા ખાદ્ય પદાર્થો વેંચવા તે ગુનો બને છે. અને આવા ભેળસેળયુકત પદાર્થો વેંચવા ઉપર પ્રતિબંધ છે તેમ છતાં જો કોઈ આવા પદાર્થો વેંચતા હોય તો તેમની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ અને આ કામગીરી ખોરાક અને ઔષધ નિયમન વિભાગે બજાવવાની હોય છે ત્યારે જૂનાગઢ ખાતે આવેલ ઔષધ અને નિયમન વિભાગ દ્વારા તાત્કાલીક ચેકીંગ ઝુંબેશ હાથ ધરવા માંગ ઉઠી છે. વિશેષમાં કમોસમી વરસાદ પડવાથી ખાસ કરીને કેરીનાં પાકને ભારે અસર પહોંચી છે. આવા સંજોગોમાં બજારોમાં કેરીનું હાલ વેંચાણ થઈ રહયું છે ત્યારે બજારમાં થતું કેરી તેમજ અન્ય ફળફળાદી ખાવા યોગ્ય છે ખરા? તે બાબતે પણ સંબંધીત તંત્ર અને મનપા તંત્ર દ્વારા સઘન ચેકીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# કમોસમી વરસાદને પગલે જૂનાગઢ ગંદકીમાં ફેરવાયું

## પાણી ભરાવા, ભુવા પડવા, કાદવ-કીચડ જામવા સાથે રોગચાળાને ખુલ્લું આમંત્રણ : તંત્ર દ્વારા તકેદારીનાં પગલા લેવા માંગ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરમાં છેલ્લા એક અઠવાડીયા થયા અવાર નવાર કમોસમી વરસાદ પડી રહયો છે. ગઈકાલે બપોર બાદ ઘનાઘોર વાતાવરણ સાથે અનેક વિસ્તારોમાં વરસાદ પડયો હતો. હાલ પડી રહેલા કમોસમી વરસાદને પગલે જૂનાગઢ શહેરમાં ગંદકીનું સામ્રાજય પ્રસરી ગયું છે અને જેનાં કારણે રોગચાળાનો ગંભીર ખતરો તોળાઈ રહયો છે. આવા સંજોગોમાં મનપા તંત્ર દ્વારા તકેદારીનાં પગલા માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવાની માંગણી ઉઠવા પામી છે. છેલ્લા ઘણા દિવસો થયા વાતાવરણમાં પલટા અને અવાર નવાર પડતા કમોસમી વરસાદનો કારણે જૂનાગઢ શહેરનાં મોટાભાગનાં વિસ્તારોમાં પાણી ભરાવા, ખાબોચીયા ભરાવા તેમજ ભુવા પડવા જેવા બનાવો બની રહયા છે. ગંદકીનાં સામ્રાજય સાથે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. ખાસ કરીને ઝેરી મચ્છરોનો ઉપદ્રવને કારણે લોકોને માંદગીનાં બિછાને પટકી પડે તેવી હાલત છે. આ સંજોગોમાં તાત્કાલીક રોગચાળાનાં સંભવીત ખતરા સામે તકેદારીનાં પગલા લેવાની માંગ ઉઠવા પામી છે. ડીડીટી છંટકાવ અને સફાઈ ઝુંબેશ વેગવાન બનાવવાની કામગીરી હાથ ધરવા માંગ ઉઠી છે.

## ઓનલાઈન બુકિંગ જો ફૂલ થઇ જશે તો વધારાની બસો પણ દોડાવાશે

# તલાટીની પરીક્ષાને લઈને એસટી વિભાગ એક્સ્ટ્રા બસો દોડાવશે

**સુરતથી અમદાવાદ, વડોદરા, નવસારી, વલસાડ, આણંદ,ભરૂચ સહિતના રૂટ ઉપર એક્સ્ટ્રા બસો દોડાવાશે આ ઉપરાંત આવવા અને જવા માટે ઓનલાઈન બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવી છે**

અમદાવાદ, તા.૬

ગુજરાતમાં આવતીકાલ ૭ મેના રોજ તલાટીની પરીક્ષા યોજનાર છે ત્યારે સુરતમાં એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરાયું છે. વિદ્યાર્થીઓને કોઈ હાલાકી ન પડે તે માટે એક કંટ્રોલ રૂમનો ૬૩૫૯૯ – ૧૮૭૪૬ નબર પણ જાહેર કરવામાં આવ્યો છે આ ઉપરાંત ઓનલાઈન બુકિંગની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. જો વધુ બસોની જરૂર જણાશે તો વધુ બસો પણ સુરત એસટી વિભાગ દ્વારા દોડાવવામાં આવશે.એસટી વિભાગ દ્વારા વાર તહેવાર ઉપર એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવે છે આ ઉપરાંત સરકારી પરીક્ષા દરમ્યાન પણ વિદ્યાર્થીઓને હાલાકી ન પડે તે માટે એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવે છે. ત્યારે ૭ મેના રોજ એટલે કે રવિવારના રોજ રાજ્યમાં તલાટીની પરીક્ષા યોજનાર છે. જેને લઈને સુરત એસટી વિભાગ દ્વારા પણ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સુરતમાંથી વડોદરા, અમદાવાદ, નવસારી, વલસાડ, આણંદ, ભરૂચ અને તાપી ખાતે જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જનાર છે તેઓના માટે એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે. જે બસો રૂટીન દોડે છે તે સિવાય પણ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન સુરત એસટી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં ૬ તારીખે ૭૦ બસો જયારે ૭ તારીખે ૧૨૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે.

પરીક્ષાને ધ્યાને લઈને વિદ્યાર્થીઓ સમયસર પરીક્ષા સ્થળે પહોચી શકે તે માટે એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરાયું છે. લોકો ઓનલાઈન બુકિંગ પણ કરાવી શકે છે. જે માટેનું ઓનલાઈ બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈ હાલાકી ન પડે તે માટે કંટ્રોલ રૂમ નબર પણ જાહેર કરવામાં આવ્યો છે. ૬૩૫૯૯ – ૧૮૭૪૬ નંબર પર સંપર્ક કરી કોઈ સમસ્યા હોય તો જાણ પણ કરી શકે છે.

સુરત એસટી વિભાગીય નિયામક પી.વી. ગુર્જરે જણાવ્યું હતું કે આવતીકાલ ૭ મેના રોજ તલાટીની પરીક્ષા અન્વયે સુરત એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરતથી અમદાવાદ, વડોદરા, નવસારી, વલસાડ, આણંદ, ભરૂચ સહિતના રૂટ ઉપર એક્સ્ટ્રા બસો દોડાવાશે. આ ઉપરાંત આવવા અને જવા માટે ઓનલાઈન બુકિંગ પણ શરુ કરી દેવામાં આવ્યું છે. ઓનલાઈન બુકિંગ જો ફૂલ થઈ જશે તો વધારાની બસો પણ દોડાવાશે. આ ઉપરાંત ૬૩૫૯૯ – ૧૮૭૪૬ કંટ્રોલ પોઈન્ટનો નબર છે વિદ્યાર્થીઓને કોઈ અગવડ હોય તો આ નંબર ઉપર સંપર્ક કરીને માહિતી મેળવી શકે છે.

**શૈશવ પબ્લિસીટી કાું.**

જુનાગઢ-પોરબંદર તથા ગીર સોમનાથ જિલ્લામાં એસ.ટી.બસ સ્ટેન્ડમાં હોર્ડીંગ્સ બોર્ડ તથા સાઈન બોર્ડ ઉપર જાહેરાત કરવા માટે તા.10-05-2023 થી તા.09-05-2028 સુધીનો એક હથ્થુ ઈજારો શૈશવ પબ્લિસીટી કાું. ને મળેલ છે.

આપની જાહેરાત કરવા માટે કોન્ટેકટ કરો.

(મો) 98796 11054 /57/59/67

## કંપનીને નુકસાન થતાં સેવા બંધ કરી દેવામાં આવી હતી

# સી-પ્લેન સેવા પુનઃ શરૂ કરવા કવાયત, બે રૂટ અંગે વિચારણા



અમદાવાદ, તા.૬

ગુજરાતના અમદાવાદની સાબરમતી થી નર્મદાના સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી કરવામાં આવેલી સી-પ્લેન સેવા હાલ બંધ છે. જો કે સરકાર દ્વારા આ સેવાને પુનઃ શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવી રહી છે . જેમાં ગુજરાત એવિએશન ઓથોરીટી તરફથી મળેલી માહિતી મુજબ સી-પ્લેન સેવા ફરી કરવા વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. જેમાં કેવડીયાથી સાબરમતી અને ધરોઈથી સાબરમતી બે રૂટ ઉપર સી-પ્લેન સેવા શરૂ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી રહી છે. જેમાં કેવડીયા સુધી સેવા પુર્નઃ શરૂ કરવાથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જવા પ્રવાસીને સુવિધા મળી શકે તેમ છે. જ્યારે મહેસાણાના ધરોઈ સુધી સી-પ્લેન સેવા શરૂ થાય તો ઉત્તર ગુજરાતની શકિતપીઠ અંબાજી જતાં પ્રવાસીઓને પણ સુવિધા મળી શકે તેમ છે. જેના પગલે આ બંને રૂટ ઉપર સી-પ્લેન સેવા પુર્નઃ શરૂ કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.આ પૂર્વે અમદાવાદની સાબરમતીથી કેવડીયા કોલોની સુધી શરૂ કરવામાં આવેલી સી -પ્લેન સેવા ખાનગી ઓપરેટરને આપવામાં આવી હતી. તેમજ સી-પ્લેનના વારંવાર કરવામાં આવતા મેઈન્ટેનન્સને પગલે સેવા ટૂંકા ગાળામાં જ બંધ કરવામાં આવી હતી. જેમાં ઓપરેટિંગ કોસ્ટ ઉંચી જતા છેલ્લા બે વર્ષથી બંધ કરી દેવામાં આવી હતો.

સી પ્લેનના રૂટ વધારવા અને ધાર્મિક-પ્રવાસન સ્થળોનો સમાવેશ કરી એક કરતા વધુ સ્થળોને સાંકળવામાં આવે તો સી પ્લેન ચલાવતી કંપનીને વધુ ટ્રાફિક મળે તેવા વિકલ્પ ઉપર પણ વિચારણા ચાલી રહી છે. જયારે ધરોઈ ખાતે સી પ્લેન ઉતરી શકે તે માટે જેટ્ટી બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે.

દેશભરમાં અમદાવાદ રિવરફ્રન્ટથી કેવડીયા-સ્ટેચ્યુ ઓફ યુનિટી રૂટ ઉપર શરૂ કરવામાં આવ્યો હતો. જેની માટે રાજય સરકારે ૧૩.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ પણ કર્યો હતો. તેમ છતાં ઓછા મુસાફરો મળતા અને સી પ્લેન ચલાવતી કંપનીને નુકસાન થતાં સેવા બંધ કરી દેવામાં આવી હતી.આ ઉપરાંત નાગરિક ઉડ્ડયન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ સી પ્લેન સેવા પુનઃ કાર્યરત કરવા મીટિંગ યોજાઈ રહી છે. સરકાર પોતે સી પ્લેનની ખરીદી કરે તો તે માટેનો ખર્ચ અને પાયલોટ સહીતનો મોટો ખર્ચ ભોગવવો પડે તેમ છે. તેની સામે સી પ્લેન ચલાવવા માગતી કંપનીઓ સરકાર પાસેથી જે સહાયની અપેક્ષા રાખે છે તે કેટલી આપવી તેના પર વિચાર કરવામાં આવી રહ્યો છે.




**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા (N.D.)**

**તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે**

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**

**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

